GJJM020052552021

| | | | |
|---|---|---|---|
| કેસ પ્રાપ્ત તારીખ | ૧૬ | ૦૪ | ૨૦૨૧ |
| કેસ દાખલ તારીખ | ૧૬ | ૦૪ | ૨૦૨૧ |
| કેસ ફેસલ તારીખ | ૨૮ | ૦૪ | ૨૦૨૬ |
| સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
| | ૦૫ | ૦૦ | ૧૨ |

..................................................................................

**જામનગરના ત્રીજા અધિક ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં.**

..................................................................................

| | | |
|---|---|---|
| ક્રિમીનલ કેસ નં. | :– | ૪૩૩૩/૨૦૨૧ |
| ગુના રજી. નં. | :– | ૧૧૨૦૨૦૦૨૨૧૦૩૫૭, તા.૦૬/૦૩/૨૦૨૧ |
| પો.સ્ટે. નું નામ | :– | સીટી–સી ડિવીઝન |
| આંક | :– | ૮૮ |

**ફરીયાદી** :– સરકારશ્રી.

**ફરીયાદી તરફે** :– વિ.એ.પી.પી.શ્રી કે.કે.પટેલ.

**વિરૂદ્ધ**

**આરોપીઓ** :– (૧) પ્રવિણભાઇ જમનભાઇ ડાભી,
રહે. ગોકુલનગર, રડારરોડ, મથુરા સોસાયટી શેરી નં.૧૫, તા.જી.જામનગર.

(૨) દિનેશભાઇ રતીભાઇ ડાભી,
રહે. ગોકુલનગર, રડારરોડ, મથુરા સોસાયટી શેરી નં.૧૫, તા.જી.જામનગર.

(૩) કૈલાશભાઇ હરજીભાઇ ખાણધર,
રહે. ગોકુલનગર, રડારરોડ, મથુરા સોસાયટી શેરી નં.૧૫, તા.જી.જામનગર.

(૪) જેઠાભાઇ દામાભાઇ નકુમ,

રહે. ગોકુલનગર, રડારરોડ, મથુરા સોસાયટી
શેરી નં.૧૪, તા.જી.જામનગર.

**આરોપીઓ તરફે :-** વિ.વકીલશ્રી કે.આર.જાડેજા

**ગુનો :-** **ભારતીય દંડ સંહિતા ની કલમ ૩૨૫, ૩૨૩, ૫૦૪, ૧૧૪ તથા જી.પી.એકટ કલમ ૧૩૫(૧) મુજબ.**

| | | |
|---|---|---|
| ગુન્હાની તારીખ | :- | ૦૬/૦૩/૨૦૨૧ |
| એફ.આઈ.આર.તારીખ | :- | ૦૬/૦૩/૨૦૨૧ |
| ચાર્જશીટ તારીખ | :- | ૧૬/૦૪/૨૦૨૧ |
| તહોમતનામા/પ્લી લીધાની તારીખ | :- | ૨૨/૦૯/૨૦૨૧ |
| પુરાવા શરૂ કર્યા તારીખ | :- | ૦૨/૦૮/૨૦૨૨ |
| ચુકાદા પર લેવાની તારીખ | :- | ૨૭/૦૩/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | :- | ૨૮/૦૪/૨૦૨૬ |
| સજાના હુકમની તારીખ | :- | - |

:: **આરોપીઓની વિગત** ::

| નં. | આરોપીનુ નામ | ધરપકડ ની તારીખ | જામીન મુકિત તારીખ | તહોમત | શું નિર્દોષ છોડયું/ સજા કરી | કરવામાં આવેલ સજા | સુનાવણી દરમ્યાન અટકાયતનો સમયગાળો ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ-૪૨૮ મુજબ. |
|---|---|---|---|---|---|---|---|
| ૦૧ | પ્રવિણભાઇ જમનભાઇ ડાભી | ૧૯/૦૩/ ૨૧ | ૧૯/૦૩/ ૨૧ | ભારતીય દંડ સંહિતા ની | નિર્દોષ | - | - |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | | કલમ ૩૨૫, ૩૨૩, ૫૦૪, ૧૧૪ તથા જી.પી.એકટ કલમ ૧૩૫(૧). | | | |
| ૦૨ | દિનેશભાઇ રતીભાઇ ડાભી | ૧૯/૦૩/ ૨૧ | ૧૯/૦૩/ ૨૧ | ભારતીય દંડ સંહિતા ની કલમ ૩૨૫, ૩૨૩, ૫૦૪, ૧૧૪ તથા જી.પી.એકટ કલમ ૧૩૫(૧). | નિર્દોષ | – | – |
| ૦૩ | કૈલાશભાઇ હરજીભાઇ ખાણધર | ૧૯/૦૩/ ૨૧ | ૧૯/૦૩/ ૨૧ | ભારતીય દંડ સંહિતા ની કલમ ૩૨૫, ૩૨૩, ૫૦૪, ૧૧૪ તથા જી.પી.એકટ કલમ ૧૩૫(૧). | નિર્દોષ | – | – |
| ૦૪ | જેઠાભાઇ દામાભાઇ નકુમ | ૧૯/૦૩/ ૨૧ | ૧૯/૦૩/ ૨૧ | ભારતીય દંડ સંહિતા ની કલમ ૩૨૫, ૩૨૩, ૫૦૪, ૧૧૪ તથા જી.પી.એકટ કલમ ૧૩૫(૧). | નિર્દોષ | – | – |

**<u>સાક્ષીઓનો પુરાવો</u> :–**

(અ) <u>ફરીયાદ પક્ષ તરફે મૌખિક પુરાવો</u> :-

| અનુક્રમ | નામ | પુરાવાનો પ્રકાર | આંક |
|---|---|---|---|
| ફ.સા.નં.૧ | અજયભાઇ પરષોતમભાઇ અગ્રાવતની જુબાની. | ફરીયાદી | ૧૬ |
| ફ.સા.નં.૨ | પ્રફુલભાઇ પરષોતમભાઇ અગ્રાવતની જુબાની. | સાહેદ | ૧૮ |
| ફ.સા.નં.૩ | પાર્વતીબેન વા/ઓ પરષોતમભાઇ અગ્રાવતની જુબાની. | સાહેદ | ૨૬ |
| ફ.સા.નં.૪ | ઘનશ્યામસિંહ બટુકસિંહ જાડેજાની જુબાની. | સાહેદ | ૨૭ |
| ફ.સા.નં.૫ | ઉપેન્દ્રસિંહ મહેન્દ્રસિંહ વાળાની જુબાની. | સાહેદ | ૩૦ |
| ફ.સા.નં.૬ | દિનેશભાઇ લાખાભાઇ વાઘેલાની જુબાની. | પંચ સાક્ષી | ૩૨ |
| ફ.સા.નં.૭ | વિશાલભાઇ રણછોડભાઇ સોનગરાની જુબાની. | પંચ સાક્ષી | ૩૬ |
| ફ.સા.નં.૮ | જયદિપભાઇ પરબતભાઇ ગોજીયાની જુબાની. | પંચ સાક્ષી | ૩૯ |
| ફ.સા.નં.૯ | ડો.પ્રવિણભાઇ જેરામભાઇ ઝીંઝાળાની જુબાની. | સાહેદ | ૪૬ |
| ફ.સા.નં.૧૦ | નીશાંત વિશ્રુદાસભાઇ હરીયાણીની જુબાની. | ત.ક.અમલદાર | ૬૨ |
| ફ.સા.નં.૧૧ | ડો.પ્રવિણ શાંતિલાલ પીઠડીયાની જુબાની. | સાહેદ | ૭૦ |
| ફ.સા.નં.૧૨ | ડો.દીપક સચ્ચીદાનંદ તીવારીની જુબાની. | સાહેદ | ૭૪ |

(બી) <u>આરોપી પક્ષ તરફે મૌખિક પુરાવો</u> :–

| ક્રમ | નામ | પુરાવાનો પ્રકાર | આંક |
|---|---|---|---|
| – | – | – | – |

(સી) <u>કોર્ટના સાક્ષીઓ, જો હોય તો</u> :–

| ક્રમ | નામ | પુરાવાનો પ્રકાર | આંક |
|---|---|---|---|
| – | – | – | – |

<u>દસ્તાવેજી પુરાવો</u> :–

(અ) <u>ફરીયાદ પક્ષ તરફે દસ્તાવેજી પુરાવો</u> :–

| ક્રમ | આંક | પુરાવાનું વર્ણન |
|---|---|---|
| ૧ | ૧૭ | ફરીયાદ. |
| ૨ | ૩૩ | અટક પંચનામુ. |
| ૩ | ૩૭ | બનાવવાળી જગ્યાનુ પંચનામુ. |
| ૪ | ૪૭ | ઈન્જરી સર્ટીફીકેટ તથા તમામ સારવારના પેપર્સ. |
| ૫ | ૬૩ | હથિયારબંધીનુ જાહેરનામુ. |
| ૬ | ૬૪ | સારવાર રીપોર્ટ |
| ૭ | ૭૧ | સારવાર રીપોર્ટ |
| ૮ | ૭૫ | સારવાર રીપોર્ટ |

(બી) <u>આરોપી પક્ષ તરફે દસ્તાવેજી પુરાવો</u> :–

| ક્રમ | આંક | પુરાવાનું વર્ણન |
|---|---|---|
| – | – | – |

(સી) <u>કોર્ટ તરફે આંક આપેલ દસ્તાવેજી પુરાવો</u> :–

| ક્રમ | આંક | પુરાવાનું વર્ણન |
|---|---|---|
| – | – | – |

(ડી) <u>સામગ્રીની વસ્તુઓ</u> :–

| ક્રમ | આંક | પુરાવાનું વર્ણન |
|---|---|---|
| – | – | – |

**– : <u>ચુ કા દો</u> :–**

<u>કેસની ટૂંકી હકીકત</u> :–

(૧) ફરીયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, તા. ૦૬/૦૩/૨૦૨૧ ના રોજ કલાક ૦૭:૪૫ વાગ્યે ગોકુલનગર, રડાર રોડ, લક્ષ્મીનગર–૧, વાછરાડાડાના મંદીર બાજુમાં, આ કામના ફરીયાદીના મામા હરજીવનભાઇ બાલકદાસ અગ્રાવતની માનસીક સ્થીતી થોડી બરાબર ન હોય જે ફરીયાદીના ઘર પાસેથી ગાળો બોલતા નીકળતા હોય આ કામના આરોપીઓ ઉશ્કેરાઇ જઇને ફરીયાદીના મામાને લાકડાના ધોકા વડે પગમાં ઘુંટણથી નીચે તેમજ ડાબા હાથના પોચા પર મારી ફ્રેકચરની ઈજા કરી તેમજ આરોપી નં.૪ નાએ લાકડાના ધોકા વડે ફરીયાદીના મામા હરજીવનભાઇ બાલકદાસને ડાબા પગના સાથળના ભાગે તેમજ વાંસામા મારી સાથળમાં ફ્રેકચરની ઈજા કરી તેમજ વાસામાં મુંઢ ઇજા કરી તેમજ આરોપી નં.૨, ૩ નાઓએ ફરીયાદીના મામાને ઢીકાપાટુનો માર મારી તથા ફરીયાદી, તેમના ભાઇ પ્રફુલ તથા તેમના મમ્મી છોડાવવા માટે પડતા, આ ચારેય આરોપીઓએ ફરીયાદી, તેમના ભાઇ પ્રફુલ તથા તેમના મમ્મીને ગાળો આપી તમામ આરોપીઓએ ગુનો કરવામાં એકબીજાની મદદગારી કરી તથા આરોપીઓ દ્વારા જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી જામનગરનાઓના હથીયારબંધીના જાહેરનામાનો ભંગ કરી જાહેરમાં હથીયાર ધારણ કરી ગુનો આચરેલ છે. ઉપરોક્ત મુજબના બનાવની વિગતો વાળી ફરિયાદ

ફરિયાદીએ સીટી–સી ડિવીઝન પોલીસ સ્ટેશનમાં નોંધાવતા સદર ફરિયાદ ગુ.ર.નં. ૧૧૨૦૨૦૦૨૨૧૦૩૫૭, તા.૦૬/૦૩/૨૦૨૧ થી નોંધી લેવામાં આવેલ. સદર ફરિયાદ તપાસ કરનાર અમલદારને તપાસ કરવા માટે ડેપ્યુટ થતા, તપાસ કરનાર અમલદાર દ્વારા ફરીયાદ અન્વયે તપાસ કરેલ, જેમાં આ કામના આરોપીઓ સામે તપાસ કરતા, પૂરતો પુરાવા મળી આવતા, તપાસ કરનાર અમલદાર દ્વારા આરોપીઓ સામે ભારતીય દંડ સંહિતાની કલમ– ૩૨૫, ૩૨૩, ૫૦૪ સાથે વાંચતા કલમ–૧૧૪ તથા ગુજરાત પોલીસ એક્ટની કલમ–૧૩૫(૧) મુજબના ગુનાઓ અંગેનું ચાર્જશીટ રજૂ કરવામાં આવેલ છે.

**<u>ન્યાયિક કાર્યવાહી</u> :–**

(૨) આરોપીઓ વિરૂધ્ધ ચાર્જશીટ રજુ થતા મારા વિ.પુરોગામી મેજીસ્ટ્રેટ સાહેબશ્રી દ્વારા આરોપીઓ સામે ભારતીય દંડ સંહિતાની કલમ– ૩૨૫, ૩૨૩, ૫૦૪ સાથે વાંચતા કલમ–૧૧૪ તથા જી.પી. એક્ટ કલમ–૧૩૫(૧) મુજબના ગુનાઓનો સમન્સ કરવામાં આવેલો છે. સદરહું પ્રોસેસ આરોપીઓને બજવતા અદાલત સમક્ષ હાજર થયા છે. ત્યાર બાદ આરોપીઓને ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૨૦૭ મુજબ પોલીસ પેપર્સની નકલો વિના મુલ્યે પુરી પાડવામાં આવેલ છે. ત્યારબાદ મારા વિ. પુરોગામી એડી. ચીફ. જયુડી. મેજિસ્ટ્રેટ સાહેબશ્રી દ્વારા ફોજદારી કાર્યવાહી ધારાની કલમ ૨૪૦(૧) મુજબ આરોપીઓ વિરુદ્ધ આંક –૦૬ થી તહોમતનામુ ફરમાવેલ અને ફોજદારી કાર્યવાહી ધારા ની કલમ– ૨૪૧ અન્વયે આંક – ૭, ૮, ૯, ૧૦ થી આરોપીઓનો જવાબ/પ્લી લેતા, આરોપીઓએ તોહમતનામાં મુજબનો ગુનો કબૂલ નહીં હોવાનો અને કેસ આગળ ચલાવવાનું

જણાવતા ફોજદારી કાર્યવાહી ધારાની કલમ–૨૪૨(૧) મુજબ સદર કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ.

(૩) ફરીયાદ પક્ષ તર્ફે ઉપરોક્ત મુજબના પુરાવા રજૂ કર્યા બાદ વિ.એ.પી.પી.શ્રી દ્વારા તેમનો પુરાવો પૂર્ણ થયાનુ મૌખીક રીતે જાહેર કરતા ફરીયાદપક્ષનો પુરાવો પૂર્ણ થયેલ છે. ત્યારબાદ ફરીયાદ પક્ષે રજુ થયેલ પુરાવા વંચાણે લઈ આ કામના આરોપીઓનુ ફોજદારી કાર્યવાહી ધારાની કલમ–૩૧૩ અનવ્યે વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે. સદર વિશેષ નિવેદનમાં આરોપીઓ દ્વારા ''તેઓ જાણતા નથી'', ''ખોટી વાત છે'' તેવા સ્વરૂપમાં જવાબો આપી આરોપીઓએ જાતે સોગંદ પર જુબાની આપેલ નથી કે, આરોપીઓએ બચાવના સાહેદો તપાસેલ નથી અને વિશેષમાં તેઓને ખોટી રીતે સંડોવી દેવામાં આવેલ હોવાનુ જણાવી તેઓ નિર્દોષ હોવાનુ જણાવેલ છે.

<u>**ફરીયાદપક્ષ તથા આરોપી પક્ષની દલીલો**</u> **:–**

(૪) ફરીયાદ પક્ષ તર્ફે વિ.એ.પી.પી.શ્રી દ્વારા મૌખીક દલીલો કરી જણાવેલ છે કે, ફરીયાદીના મામા હરજીવનભાઈ આ કામે પીડીત છે. જેઓ માનસીક બીમારીથી પીડાતા હોય તેવા પુરાવા ફરીયાદ પક્ષે રજુ થયેલ છે. આમ, પીડીત માનસીક બીમાર હોય તેઓનુ નિવેદન લેવામાં આવેલ નથી અને સાહેદ તરીકે તપાસેલ નથી. ફરીયાદી તથા અન્ય સાહેદોની જુબાનીથી આરોપીઓ દ્વારા ફરીયાદીના મામાને માર મારેલ હોવાની હકીકતે સમર્થન મળેલ છે. ફરીયાદી તથા સાહેદોએ તેઓની સરતપાસમાં ફરીયાદીના મામાને આરોપીઓ દ્વારા લાકડીના ધોકા વડે માર મારેલ હોય તે હકીકતનુ ઉલટતપાસમાં ખંડન થયેલ નથી. ફરીયાદીના મામાએ તા.૦૬/૦૩/૨૦૧૧ ના રોજ સારવાર લીધેલ

હોવાનુ અને તેઓને ડાબા પગમાં, ડાબા હાથમાં ફેકચર થયેલ હોવાની હકીકતને સમર્થન મળેલ છે. ફરીયાદીએ તથા સાહેદોએ જુબાનીમાં આરોપીઓએ તેઓને ગાળો આપેલ હોવાની હકીકત રેકોર્ડ પર આવેલ છે. ફરીયાદી તથા સાહેદોની જુબાનીમાં નજીવી વિસંગતતા હોય તે માત્રથી તમામ પુરાવો નકારી શકાય નહી. આરોપીઓ સામે શંકારહિત કેસ પુરવાર થયેલ હોય આરોપીઓને દોંષીત ઠરાવી મહત્તમ સજા કરવા અરજ કરેલ છે.

(૫) આરોપી પક્ષ તર્ફે આંક-૮૭ થી લેખીત દલીલો રજુ કરવામાં આવેલ છે. સદર લેખીત દલીલો ધ્યાનપૂર્વક વંચાણે લેવામાં આવેલ છે. પુનરાવર્તન ટાળવાના હેતુથી સદર લેખીત દલીલોના તમામ કથનો પુન: અહી લખવામાં આવેલ નથી.

(૬) ફરીયાદપક્ષ ધ્વારા રજુ કરવામાં આવેલ મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવાઓ ધ્યાને લેતા કેસના ન્યાયીક નિર્ણય માટે નીચે મુજબના મુદાઓ ઉપસ્થિત થાય છે.

**-: મુદાઓ :-**

૧. શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, બનાવની તારીખે, સમયે અને સ્થળે આ કામના આરોપીઓએ ગુનો કરવામાં એકબીજાની મદદગારી કરી ફરીયાદીના મામા હરજીવનભાઇ બાલકદાસ અગ્રાવતને લાકડાના ધોકા વડે પગમાં ઘુંટણથી નીચે તેમજ ડાબા હાથના પોચા પર માર મારી ફેકચર જેવી મહાવ્યથા કરી તથા આરોપી નં.૪ નાએ લાકડાના ધોકાથી ફરીયાદીના ડાબા પગના સાથળના ભાગે તેમજ વાસામાં મારી સાથળમાં ફેકચર જેવી ઈજા કરી તેમજ આરોપી નં.૨, ૩

નાઓએ હરજીવનભાઇ બાલકદાસ અગ્રાવતને ઢીકાપાટુનો માર મારી આ કામના આરોપીઓએ ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૫,૩૨૩ સાથે વાંચતા કલમ–૧૧૪ મુજબનો શિક્ષાપાત્ર ગુનો આચરેલ છે?

**૨.** શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, બનાવની તારીખે, સમયે અને સ્થળે આ કામના આરોપીઓએ ફરીયાદી, સાહેદ પ્રકુલભાઇ પરષોતમભાઇ, સાહેદ પાર્વતીબેન પરષોતમભાઇને તથા ફરીયાદીના મામાને ગાળો બોલી આ કામના આરોપીઓએ ભારતીય દંડ સંહીતાની કલમ–૫૦૪ મુજબના શિક્ષાપાત્ર ગુનો આચરેલ છે?

**૩.** શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, બનાવની તારીખે, સમયે અને સ્થળે આ કામના આરોપીઓએ લાકડાના ધોકા જેવા જાહેરમાં હથિયારો ધારણ કરી જીલ્લા મેજીસ્ટ્રેટના હથિયારબંધીના જાહેરનામાનો ભંગ કરી ગુજરાત પોલીસ એકટની કલમ–૧૩૫(૧) મુજબના શિક્ષાપાત્ર ગુનો આચરેલ છે?

**૪.** શું હુકમ?

(૭) ઉપરોકત મુદાઓ અંગેના મારા નિર્ણયો, આ પછી તરત જ દર્શાવેલ કારણો તથા ચર્ચાના અંતે નીચે મુજબ છે.

**૧.** નકારમાં.

**૨.** નકારમાં.

**૩.** નકારમાં.

**૪.** આખરી હુકમ મુજબ.

## -: <u>નિર્ણય માટેના કારણો</u> :-

### <u>મુદા નં. ૧ થી ૪ નાઓની સંયુકત ચર્ચા :-</u>

(૮) મુદા નં. ૧ થી ૪ પરસ્પર સંકળાયેલ હોય પુરાવા તથા કાયદાની જોગવાઈઓની ચર્ચાનુ પુનરાવર્તન ટાળવાના હેતુથી મુદા નં.૧ થી ૪ નાઓની સંયુકત ચર્ચા કરવામાં આવેલ છે.

(૮.૧) ફરીયાદપક્ષ તરફે સાહેદ નં.૧ તરીકે આંક-૧૬ થી ફરીયાદી અજયભાઇ પરષોતમભાઈને તપાસતા તેઓએ તેમના પુરાવાની સરતપાસમાં મુખ્યત્વે જણાવેલ છે કે, બનાવ તા.૦૬/૦૩/૨૦૨૧ ના શનિવારના રોજ સવારના કલાક-૦૭/૪૫ વાગ્યાની આસપાસ ગોકુલનગર, લક્ષ્મીનગર-૧, વાછરાડાડાના મંદિરની બાજુમાં બનેલ. બનાવના દિવસે તેઓ તથા તેમના ઘરના સભ્યો ઘરમાં હતા અને તેઓના મામા બજારમાં ફરતા હતા અને તેમના ઘરની પાસે દેકારો થતાં તેઓ ઘરની બહાર નીકળેલ અને જોયુ તો આરોપીઓ તેમના મામાને માર મારતા હતા. આ લોકો તેમના ઘરની નજીકની ગલીમાં તેઓના મામાને માર મારતા હતા. જેમાં પ્રવિણભાઈ જમનભાઈ ડાભીના હાથમાં લાકડાનો ધોકો હતો અને તેનાથી તેઓએ તેમના મામાના ડાબા પગમાં ઘુંટણથી નીચેના ભાગે મારેલ અને બીજો ઘા ડાબા હાથના પોચામાં મારેલ. તેમજ જેઠાભાઈ કાનાભાઈ નકુમના હાથમાં પણ ધોકો હતો અને તેનાથી તેઓ તેમના મામાને ડાબા પગે સાથળના ભાગે એક ઘા મારેલ. તેમજ બીજો ઘા વાસામાં મરેલ. તેમજ કૈલાશભાઈ ખાણધર અને દિનેશભાઈ ડાબી તેમના મામાને ઢીકાપાટુથી માર મારતા હતા. જેથી તેઓ, તેમના ભાઈ પકુલ અને તેમના મમ્મી પાર્વતીબેન તેઓના મામાને છોડાવવા વચ્ચે પડતા આરોપીઓ બોલતા હતા કે, આ ગાંડો

છે. અવારનવાર ગાળો બોલે છે. એને મારો. આને મારી જ નાખવો છે તથા આરોપીઓ તેમને, તેમના ભાઈ તથા તેમના મમ્મીને પણ મન ફાવે તેમ ગાળો આપતા હતા. ત્યારબાદ ત્યાં ઘણા બધા માણસો ભેગા થઈ જતા આરોપીઓ ત્યાંથી ભાગી ગયેલા. ત્યારબાદ તેમના મામાને વધુ ઈજા થયેલ હોય ૧૦૮ ને ફોન કરી તે આવી જતા તેમાં તેઓના મામાને તેમના ભાઈ પ્રફુલ તથા તેમના મિત્ર ઘનશ્યામસિંહ, જી.જી.હોસ્પિટલ, જામનગર લઈ ગયેલા. જયાં ડોકટરે તેમના મામાને ડાબા પગે ઘુંટણની નીચે સાથળના ભાગે, તેમજ ડાબા હાથમાં પોંચાના ભાગે બે ફ્રેકચર થયેલાનું જણાવેલ. તેઓના મામા આશરે દોઢેક મહિનો હોસ્પિટલમાં દાખલ રહેલા. તેમના મામા માનસિક અસ્વસ્થ હોય અને તેને કારણે તેઓ અવારનવાર ગાળો બોલતા હોય અને આ હકીકત આજુબાજુના તમામ લોકો જાણતા હોય તેમ છતાં આરોપીઓએ તેમના મામાને માર મારેલ. આ બનાવની તેઓએ પોલીસમાં ફરિયાદ આપેલ. આંક-૧૭ થી ફરીયાદ રજુ છે. સદર ફરીયાદીએ આરોપીઓના વિ.વ.શ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં જણાવેલ છે કે, આ આરોપીઓ છેલ્લા ૮-૯ વર્ષથી તેઓના વિસ્તારમાં રહે છે. તેઓને નામજોગ ઓળખે છે. **આ બનાવ તેઓના ઘરથી આગળ વળાંકમાં બનેલો જેથી તેઓના ઘરમાંથી સીધો આ બનાવ દેખાય નહી.** તેમના મામાને હોસ્પીટલે તેમના ભાઇ પ્રફુલ અને તેમના મિત્ર ઘનશ્યાસિંહ લઇ ગયેલ. તેઓ ગયેલ નહી. કારણ કે, ૧૦૮ માં બે જ જણાને બેસવા દે છે. **ડોકટર સાહેબે તેમના કહેવા મુજબ હિસ્ટ્રી લખેલી. તેઓ ડોકટરને બનાવની તમામ હકીકત લખાવેલી કોણે, કયા હથિયારથી કેવી રીતે મારેલ તે બધુ લખાવેલ છે.** આ બનાવનો દેકારો તેમના ઘરમાં સંભળાયેલ. બનાવ સમયે તેમના લત્તાના લગભગ ૬૦-૭૦ માણસો પણ ભેગા થઇ

ગયેલા. **હવે કહે છે કે, બનાવ સ્થળે ગયા ત્યારબાદ આ માણસો આવેલા. તેઓ ગયા ત્યારે બીજા કોઈ માણસો ન હતા.** આમ, સદર ફ.સા.નં.૧ તેઓની જુબાનીમાં આરોપી નં.૧ નાઓના હાથમાં ધોકો હોય તેનાથી ફરીયાદીના મામાને ડાબા પગામાં ઘુંટણથી નીચેના ભાગે મારેલ અને બીજો ઘા ડાબા હાથના પોચામાં મારેલ હોવાનુ કથન કરી આરોપી નં.૪ ના હાથમાં ધોકો હોય તેનાથી તેમના મામાને ડાબા પગે સાથળના ભાગે મારેલ હોવાનુ કથન કરી આરોપી નં.૩ તથા ૪ નાઓએ તેમના મામાને ઢીકાપાટુથી માર મારેલ હોવાનુ કથન કરી તેઓને ગાળો આપેલ હોવાનુ કથન કરેલ છે.

(૮.૨) ફરીયાદપક્ષ તરફે સાહેદ નં. ૨ તરીકે આંક–૧૮ થી સાહેદ પ્રફુલભાઇ પરષોતમભાઇને તપાસતા તેઓએ તેમના પુરાવાની સરતપાસમાં મુખ્યત્વે જણાવેલ છે કે, આ કામના ફરિયાદી તેમના ભાઈ છે. બનાવ તા.૦૬/૦૩/૨૦૨૧ ના રોજ સવારે પોણા આઠ વાગ્યે ગોકુલનગર, રડાર રોડ, લક્ષ્મીનગર, વાછરાડાડના મંદિરની બાજુમાં બનેલો. બનાવ વખતે તેઓ અને તેમના ભાઈ તથા તેમના મમ્મી ઘરમાં હતા. ત્યારે તેઓના મામા બહાર ગયેલા તે વખતે દેકારો થતા તેઓ અને તેમના મમ્મી તથા અજયભાઈ બહાર નીકળેલા. ત્યાં જોયુ તો તેઓના મામાને ૪ જણા મારતા હતા. જેમાં પ્રવિણભાઈ, જેઠાભાઈ, દિનેશભાઈ અને કૈલાશભાઈ હતા. તેમના મામાને પ્રવિણભાઈએ પોતાના હાથમાં રહેલ લાકડાનો ધોકો ડાબા પગના ગોઠણના ભાગે અને ડાબા હાથમાં મારેલ, દિનેશભાઈ અને કૈલાશભાઈએ તેમના મામાને ઢીકાપાટુનો માર મારેલ અને જેઠાભાઈએ પોતાના હાથમાં રહેલ લાકડાનો ધોકો તેમના મામાને વાસાના ભાગે અને સાથળના ભાગે મારેલ. તેમને પણ જાનથી મારી નાખવાની ધમકી આપેલી. તે લોકોના

સમાજના ૧૦–૧૫ જણા હાજર હતા અને પ્રવિણભાઈ તેઓને મારવાની વાત કરતા હતા. તેઓને માર મારેલ હોય તેમના ભાઈએ ૧૦૮ એમ્બ્યુલન્સમાં ફોન કરેલ અને તેઓને જી.જી.હોસ્પિટલમાં સારવાર અર્થે લઈ ગયેલ. ડોકટરે તેઓના મામાની સારવારમાં પગમાં અને હાથમાં ટાંકા લીધેલા તેમજ બંને જગ્યાએ ફેકચર થયેલ હોય ઓપરેશન આવશે તેવુ જણાવેલ. તેઓના મામા ૮ દિવસ હોસ્પિટલમાં અંદરના દર્દી તરીકે રહેલા. તેમજ ઓપરેશન દરમ્યાન ૧૫–૨૦ દિવસ હોસ્પિટલમાં રહેલ. આ બનાવમાં તેમના ભાઈએ ૧૦૦ નંબર ઉપર ફોન કરેલ હતો. પોલીસ હોસ્પિટલે આવેલી અને કઈ રીતે બનાવ બનેલો તે બાબતની તેઓની જુબાની લીધેલ. સદર સાહેદે આરોપીના વિ.વ.શ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં જણાવેલ છે કે, **બનાવના સ્થળે તેઓ તથા તેમના મમ્મી અને સાથે પહોચેલા અને ત્યારે આજુબાજુના ઘણા બધા માણસો ભેગા થઇ ગયેલા.** એ સવાલનો હકારમાં જવાબ આપી સ્વીકાર કરેલ છે કે, તેઓએ તેમના મામાને આરોપીઓ માર મારતા હતા તે માટે છોડાવવાની કોશિષ કરેલ. એ સવાલનો હકારમાં જવાબ આપી સ્વીકાર કરેલ છે કે, તેમના મામા માનસીક રીતે બીમાર છે. તે બધા સાથે સારી રીતે વાતચીત કરતા નથી. **તેમના મામાને હોસ્પિટલ તેમના મિત્ર ઘનશ્યામસિંહ લઈ ગયેલા. કેસ તેઓએ કઢાવેલ તેમજ બનાવની હકીકત તેઓએ ડોકટરને જણાવેલ. એ સવાલનો હકારમાં જવાબ આપી સ્વીકાર કરેલ છે કે, કયા આરોપીએ કયા હથિયારથી તેમના મામાને મારેલુ તે પણ તેઓએ ડોકટરને લખાવેલ. તેમના મામાને કોઇ અજાણ્યા માણસો સવારે સાત વાગ્યે મારીને જતા રહ્યા હોય તેવુ ડોકટરને તેઓએ લખાવેલ નથી.** ઘનશ્યામસિંહ તેઓના બંને ભાઇના નાનપણના મીત્ર છે. આમ, સદર સાહેદે તેઓના પુરાવાની

સરતપાસમાં કહેવાતા બનાવમાં આરોપીઓ દ્રારા ગાળો આપેલ હોવાનુ કથન કરેલ નથી. સદર સાહેદે સરતપાસમાં આરોપી નં.૧ નાએ લાકડાના ધોકો તેમના મામાને ડાબા પગના ગોઠણના ભાગે અને ડાબા હાથમાં મારેલ હોવાનુ કથન કરી આરોપી નં.૨ તથા ૩ નાઓએ તેમના મામાને ઢીકાપાટુનો માર મારેલ તથા આરોપી નં.૪ નાએ લાકડાના ધોકા વડે તેમના મામાને વાસાના ભાગે અને સાથળના ભાગે મારેલ હોવાનુ કથન કરેલ છે. તથા તેમને જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોવાનુ કથન કરેલ છે.

(૮.૩) ફરીયાદપક્ષ તરફે સાહેદ નં.૩ તરીકે આંક–૨૬ થી સાહેદ પાર્વતીબેન પરષોતમભાઈને તપાસતા તેઓએ તેમના પુરાવાની સરતપાસમાં મુખ્યત્વે જણાવેલ છે કે, ફરીયાદવાળો બનાવ તા.૦૬–૦૩–૨૦૨૧ ના રોજ સવારના પાચેક વાગ્યાના અરસામા તેઓના ઘર પાસે બનેલો હતો બનાવ સમયે તેઓ તેમના ઘરે હતા. બનાવના સમયે તેઓનો ભાઈ માનસીક અસ્થીર હોય તેઓના ઘરની બહાર નીકળીને બોલબોલ કરતો હોય અને આ કામના આરોપીઓ તેમના ભાઈને મારતા હતા જેથી બહાર અવાજ થતા તેમને તેમના છોકરાને હાકલ કરેલ અને તેઓ બધા ઘરની બહાર નીકળેલા અને ત્યા પહોચેલા અને જોયુ તો ત્યારે પણ આરોપીઓ તેમના ભાઈને મારતા હતા. આ વખતે પ્રવીણભાઈ તથા જેઠાભાઈના હાથમાં લાકડાના ધોકા હતા તેનાથી જેઠાભાઈએ તેમના ભાઈને ડાબા હાથના પોચામાં લાકડાના ધોકાથી માર મારેલ. તથા પ્રવીણભાઈએ તેમના ભાઈને લાકડાના ધોકા વડે ડાબા પગમા ગોઠણથી નીચેના ભાગે માર મારેલ જેથી તેઓએ તેમના દીકરા પ્રફુલભાઈને પોલીસમાં ૧૦૦ નંબર ઉપર ફોન કરવાનુ કહેલ. ત્યારે પ્રવીણભાઈએ તેમને એવુ જણાવેલ કે, ''૫૦૦ નંબર મા ફોન કરવો

હોય તો કરો હુ અહીયા જ ઉભો છુ અને તારા છોકરાના પણ પગ ભાંગી નાખીશું" તેવુ જણાવેલ. આ સમયે ત્યા ઘણા બધા લતાના માણસો ભેગા થઈ ગયેલ હતા. બનાવ સમયે કૈલાશભાઈ તથા દીનેશભાઈ તેમના ભાઈને ઢીકાપાટુનો માર મારતા હતા. ત્યારબાદ આરોપીઓ ત્યાથી જતા રહેલ હતા. ત્યારબાદ તેમના દીકરા અજયે ૧૦૮ મા ફોન કરતા ૧૦૮ એમ્બ્યુલન્સ આવી જતા, તેમનો દીકરો અજય તેમના ભાઈ હરજીવનભાઈને જી.જી.હોસ્પીટલ મુકામે સારવાર અર્થે લઈ ગયેલ હતા. ત્યા ડોકટરે તેમના ભાઈને ફેકચર થયેલ હોવાનું જણાવી ઓપરેશન કરવાનુ જણાવેલ હતું. બનાવ અંગેની આરોપીઓ વીરુધ્ધ તેમના દીકરા અજયભાઈએ હોસ્પીટલમાં આવેલ પોલીસ ચોકી ખાતે ફરીયાદ આપેલ હતી. સદર સાહેદે આરોપીઓના વિ.વ.શ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં જણાવેલ છે કે, પોલીસે તેમનુ નિવેદન નોધ્યા બાદ તેમને નિવેદન વાંચી સંભળાવી કે કેમ? તેને ઘણો સમય થયેલ હોય તેમને યાદ નથી. એવુ બનેલ નથી કે, તેમના ભાઈને અજાણ્યા ઈસમો મારીને જતા રહેલ હોય અને ત્યારબાદ તેઓ દવાખાને ગયેલ. એ સવાલનો હકારમાં જવાબ આપી સ્વીકારી કરેલ છે કે, બનાવ પહેલાથી આ કામના આરોપીઓને નામજોગ ઓળખે છે. આમ, સદર સાહેદે તેમની જુબાનીમાં કહેવાતા બનાવમાં આરોપીઓએ ગાળો આપેલ હોવાનુ સ્પષ્ટપણે કથન કરેલ નથી. સદર સાહેદે તેમની સરતપાસમાં આરોપી નં.૧, આરોપી નં.૪ ના હાથમાં લાકડાના ધોકા હતા જેનાથી આરોપી નં.૪ નાએ તેમના ભાઈને ડાબા હાથના પોંચામાં લાકડાના ધોકાથી માર મારેલ તથા આરોપી નં.૧ નાઓએ તેમના ભાઈને લાકડાના ધોકા વડે ડાબા પગમાં ગોઠણથી નીચેના ભાગે માર મારેલ તથા આરોપી નં.૨ તથા ૩ નાઓએ તેમના ભાઈને ઢીકાપાટુનો માર મારેલ હોવાનુ કથન કરેલ છે.

(૮.૪) ફરીયાદપક્ષ તરફે સાહેદ નં.૪ તરીકે આંક–૨૭ થી સાહેદ ઘનશ્યામસિંહ બટુકસિંહને તપાસતા તેઓએ તેમના પુરાવાની સરતપાસમાં મુખ્યત્વે જણાવેલ છે કે, બનાવ તા.૦૬/૦૩/૨૦૨૧ ના રોજ સવારના સાડા સાત આઠ વાગે મથુરાનગરમાં વાછરાડાડા ના મંદીર પાસે બનેલો. બનાવ સમયે તેઓ તેમના ઘરેથી નીકળીને કામે જતા હતા ત્યારે ત્યાં ઘણા બધા માણસો ભેગા થઈ ગયેલ હતા. તેઓએ જોયુ તો હરજીવનભાઈને ડાબા પગમાં ગોઠણથી નીચેના ભાગે તથા ડાબા હાથમાં વાગેલ હતું અને તેઓ ત્યાં નીચે પડેલ હતા. ત્યારબાદ તેઓ તથા હરજીવનભાઈના ભાણેજ પ્રકુલભાઈ ૧૦૮ માં હરજીવનભાઈને જી.જી.હોસ્પીટલ ખાતે સારવાર અર્થે લઈ ગયેલ. ત્યારબાદ તેઓ તેમના ઘરે પરત આવેલ હતા. તેઓએ હરજીવનભાઈને ૧૦૮ મા લઈ જતા હતા ત્યારે હરજીવનભાઈએ તેઓને તથા પ્રકુલ ને જણાવેલ કે, ‘‘દીનેશભાઈ, જેઠાભાઈ, પ્રવીણભાઈ તથા કેલાશભાઈએ મને ધોકા વડે માર મારેલ છે.’’ તેમને આરોપીઓએ શા માટે માર મારેલ તેવુ તેઓએ જણાવેલ ના હતુ. ત્યારબાદ પોલીસે તેઓની પુછપરાછ કરી તેમનુ નીવેદન લીધેલ હતુ. સદર સાહેદને વિ.એ.પી.પી.શ્રીની મૌખીક વિનંતીથી ફરી ગયેલા સાહેદ જાહેર કર્યા બાદ સદર સાહેદને વિ.એ.પી.પી.શ્રી દ્વારા પુછવામાં આવેલ સુચક પ્રશ્નોથી પણ કોઈ ફળદાયી હકીકત રેકોર્ડ પર પ્રસ્થાપિત થયેલ નથી. કે જે ફરીયાદપક્ષને મદદરૂપ થાય. સદર સાહેદે આરોપીઓના વિ.વ.શ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં પુછવામાં આવેલ સવાલનો હકારમાં જવાબ આપી સ્વીકાર કરેલ છે કે, **ફરીયાદવાળો બનાવ તેમની હાજરીમાં બનેલ નથી.** આમ, સદર સાહેદની જુબાની લક્ષે

લેતા તેઓએ બનાવ નજરે જોયેલ ન હોવાનુ સ્વીકાર કરી કહેવાતા બનાવની જાણ તેમને હરજીવનભાઇએ કરેલ હોવાનુ જણાવેલ છે.

(૮.૫) ફરીયાદપક્ષ તરફે સાહેદ નં.પ તરીકે આંક–૩૦ થી સાહેદ ઉપેન્દ્રસિંહ મહેન્દ્રસિંહને તપાસતા તેઓએ તેમના પુરાવાની સરતપાસમાં મુખ્યત્વે જણાવેલ છે કે, બનાવ તા–૦૩–૦૬–૨૦૨૧ના રોજ સવારના આઠ વાગે બનેલ. બનાવ વખતે જે જગ્યાએ બનાવ બનેલો જે તેઓના ઘરથી ચારેક ગલી આગળ છે ત્યા તેમના ઘરે મહેમાન આવેલા હોય તેઓ તેમને લઈને પાન મસાલાની દુકાને ગયેલ. તે સમયે ત્યાં થોડીવારમાં દેકારો થતા તેઓએ જોયુ તો ચારેક જણા હરજીવનભાઈને મારતા હતા આ ચારેક જણા માં બે જણા પાસે ધોકા હતા અને બે જણા તેમને લતુ, પાટા મારતા હતા. હરજીવનભાઈની માનસીક સ્થિતી ખરાબ છે તે તેઓના લતામાં રહેતા દરેકને ખબર છે. ત્યારબાદ આ હરજીવનભાઈના ભાણેજ પ્રફુલભાઈ તથા ધનશયામભાઈ ત્યાં આવેલા અને હરજીવનભાઈને હોસ્પીટલે લઈ ગયેલા. હરજીવનભાઈને આ બનાવમાં ડાબા પગમાં અને ડાબા હાથમાં તથા વાંસામાં ઈજા થયેલી ત્યારબાદ તેમની સાથે મહેમાન હોય તેઓ બનાવવાળી જગ્યાએ ગયેલ ના હતો અને તેમના ઘરે જતા રહેલ હતા. સદર સાહેદે આરોપીઓના વિ.વ.શ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં કરવામાં આવેલ છે કે, એ સવાલનો હકારમાં જવાબ આપી સ્વીકાર કરેલ છે કે, પ્રફુલભાઇ, અજયભાઈ, તથા દિલીપભાઈ તેમના નાનપણના મિત્રો છે. બનાવ બાદ તેમને બે વાર હરજીવનભાઇની ખબર પુછવા તેઓના ઘરે જોવાનુ બનેલ નથી. આમ, સદર સરતપાસમાં ચારેક જણા હરજીવનભાઇને મારતા હોવાનુ કથન કરી જેમા બે જણા પાસે ધોકો હોવાનુદ તથા બે જણા લત્તુ, પાટા મારતા હોવાનુ કથન કરેલ છે.

(૮.૬) ફરીયાદપક્ષ તરફે સાહેદ નં.૬ તરીકે આંક–૩૨ થી સાહેદ દિનેશભાઇ લાખાભાઇને તપાસતા તેઓએ તેમના પુરાવાની સરતપાસમાં આંક–૩૩ થી રજુ રીકવરી પંચનામામાં તેઓની સહી જોય ઓળખી બતાવી તેમની હાજરીમાં પોલીસે કોઇ કાર્યવાહી કરેલ હોય તેવુ બનેલ ન હોવાનુ જણાવેલ છે. સદર પંચ સાહેદને વિ.એ.પી.પી.શ્રીની મૌખીક વિનંતીથી ફરી ગયેલા સાહેદ જાહેર કર્યા બાદ સદર પંચ સાહેદને વિ.એ.પી.પી.શ્રી દ્વારા પુછવામાં આવેલ સુચક પ્રશ્નોથી પણ કોઇ ફળદાયી હકીકત રેકોર્ડ પર પ્રસ્થાપિત થયેલ નથી કે જે ફરીયાદપક્ષને મદદરૂપ થાય. આમ, સદર પંચ સાહેદે તેમની જુબાનીથી આંક–૩૩ થી રજુ થયેલ પંચનામાની વિગતને લેશમાત્ર સમર્થન આપેલ નથી.

(૮.૭) ફરીયાદપક્ષ તરફે સાહેદ નં.૭ તરીકે આંક–૩૬ થી પંચ સાહેદ વિશાલભાઇ રણછોડભાઇને તપાસતા તેઓએ તેમના પુરાવાની સરતપાસમાં મુખ્યત્વે જણાવેલ છે કે, તેઓએ પંચનામામાં સહી કરેલી. આ સહી તેમને આશરે એક વર્ષ અગાઉ ત્રીજા કે ચોથા મહીનાની છઠ્ઠી તારીખનાં રોજ મથુરાનગર/લક્ષ્મીનગરની છેલ્લી શેરીમાં ત્યાં બનાવ બનેલ તે અંગેની સહી કરેલ હતી. તેમને બનાવવાળી જગ્યાના પંચનામાંની ખરી નકલ બતાવવામાં આવે છે. તેમાં તેઓની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે. ઉપરોત જગ્યાએ પ્રફુલભાઈના મામાને ચાર જણા મારતા હતા. તેમાંથી પ્રવિણભાઇ તથા કૈલાશભાઇને તેઓ ઓળખે છે. ફરીયાદવાળો બનાવ ફરીયાદીના ઘરથી બે ચાર મકાન મુકીને આવેલી જગ્યાએ બનેલો બનાવવાળી જગ્યાની બે બાજુ રહેણાંક મકાનો આવેલા છે અને જેમાંથી એક બાજુના મકાનો પૈકી કૈલાસભાઈનું મકાન હોઈ શકે અને બાકીની બે બાજુએ ખુલ્લો રસ્તો આવેલ છે. તેમને પંચનામામાં સહી કરી ત્યારે ત્યાં

અન્ય પંચ તરીકે જયદીપભાઈ પરબતભાઈ ગોજીયા અને બીજા પોલીસના માણસો હાજર હતા. સદર પંચ સાહેદે આરોપીઓના વિ.વ.શ્રી દ્રારા કરવામાં આવેલ ઉલટતપાસમાં મૂખ્યત્વે જણાવેલ છે કે, તેઓએ પોલીસને કોઇ પંચનામુ લખાવેલ હોય અને પોલીસે કોઇ પંચનામુ લખેલ હોય તેવુ બનેલ નથી. હવે કહે છે કે, તેઓએ પોલીસને પંચનામુ લખાવેલ હતુ. તેઓ પંચનામામાં કોઇના મકાનનાં કે દુકાનના નામ લખાવેલ ન હતા. આમ, સદર પંચ સાહેદ આંક–૩૭ થી રજુ પંચનામુ થયેલ ત્યારે સ્થાનિક જગ્યાએ હાજર હોવાનુ જણાય છે.

(૮.૮) ફરીયાદપક્ષ તરફે સાહેદ નં.૮ તરીકે આંક–૩૯ થી પંચ સાહેદ જયદિપ પરબતભાઇને તપાસતા તેઓએ તેમના પુરાવાની સરતપાસમાં મુખ્યત્વે જણાવેલ છે કે, તેમને આંક ૩૭ વાળા પંચનામાની નકલ બતાવામાં આવે છે. તેમાં પંચ તરીકે તેઓની સહી છે. જે ઓળખી બતાવે છે. તેઓએ પંચનામામાં સહી કરેલ.આ સહી તેઓએ આશરે એક વર્ષ અગાઉ રાત્રીના નવેક વાગ્યે જે જગ્યાએ બનાવ બનેલો તે મથુરાનગર, લક્ષ્મીનગર–૧ માં તેઓનુ ઘર આવેલ હોય ત્યાં કરેલી. તેઓએ જયારે પંચનામામાં સહી કરી ત્યારે ત્યાં તેમની સાથે બીજા પંચ વિશાલભાઈ તથા જે વ્યક્તિ સાથે બનાવ બનેલ તે હરજીવનભાઈના ભાણેજ પ્રફુલભાઈ ત્યાં હાજર હતા. બનાવ વાળી જગ્યા ખુલ્લો પ્લોટ હતો ત્યાં હરજીવનભાઈ સાથે મારામારીનો બનાવ બનેલ હતો. આ બનાવવાળી જગ્યા પોલીસને અજયભાઈ જે હરજીવનભાઈના ભાણેજ થાય તેઓએ બતાવેલ હતી. બનાવવાળા સ્થળની બે બાજુ પ્રવીણભાઈ તથા જેઠાભાઈનાં મકાનો આવેલ છે તથા બે બાજુ રોડ આવેલ છે. જે પૈકી એક રસ્તો હરજીવનભાઈના ઘરબાજુ જાય છે જયારે બીજો રસ્તો સૌમનાથ સોસાયટી તરફ જાય છે. સદર સાહેદે આરોપીના

વિ.વ.શ્રી દ્રારા કરવામાં આવેલ ઉલટતપાસમાં જણાવેલ છે કે, પ્રફુલભાઇ તેમના પાડોશી મિત્ર થાય છે. પોલીસે તેમને બનાવ બાબતે પુછપરછ કરી પંચનામામાં સહી કરવાનુ કહેતા તેઓએ સહી કરેલી. આમ, સદર પંચ સાહેદ આંક–૩૭ થી રજુ પંચનામુ થયેલ ત્યારે સ્થાનિક જગ્યાએ હાજર હોવાનુ જણાય છે.

(૮.૯) ફરીયાદપક્ષ તરફે સાહેદ નં. ૯ તરીકે આંક–૪૬ થી ડો. પ્રવિણભાઇ જેરામભાઇને તપાસતા તેઓએ તેમના પુરાવાની સરતપાસમાં મુખ્યત્વે જણાવેલ છે કે, તેઓ તા.૦૬–૦૩–૨૦૨૧ ના રોજ જામનગર ખાતે મેડીકલ ઓફીસર તરીકે જી.જી.હોસ્પીટલમાં તેમની ફરજ ઉપર હાજર હતા. દરમ્યાન સવારે ૯:૦૫ વાગ્યે તેમની પાસે દર્દી હરીભાઈ બાબાદાસ નીમાવત, ઉ.વ.૫૬ વાળાને તેમના ભાણેજ પ્રફુલભાઈ તેમની પાસે પોલીસ યાદી વગર સારવાર માટે લાવેલા. તેમને હીસ્ટ્રી પુછતા હીસ્ટ્રીમાં જણાવેલ કે, આજે સવારે ક.૦૭:૦૦ વાગ્યે અજાણ માણસે ધોકા વડે માર મારેલ છે. ત્યારબાદ તેઓને તપાસતા નીચે મુજબની ઈજાઓ માલુમ પડેલ હતી. (૧) ૨ x ૨ સે.મી. સી. એલ. ડબલ્યુ ડાબા પગના નીચેના ભાગે જોવા મળેલ. (૨) ૬ x ૨ સે. મી. ૫ x ૨ છોલાયેલો ભાગ ડાબી સાઈડના પગના થાપાની સાઈડના બહાર ના ભાગે જોવા મળેલ. (૩) ડાબા હાથ ઉપર સોઝો આવેલ હતો. (૪) ૩ x ૧ સે.મી. ડાબા હાથે છોલાયેલો ઘા જોવામાં આવેલ હતો. ઉપરોકત મુજબની ઈજાઓ દર્દીને તપાસતા માલુમ પડેલ હતી. ત્યારબાદ તેઓને પ્રાથામીક સારવાર આપી હાડકાના વિભાગમાં રીફર કરેલ ત્યાં તેઓના એકસરે, સોનોગ્રાફી, સીટી સ્કેન વિગેરેના રીપોર્ટ કરવામાં આવેલ. જેમાં એકસ–રે માં ડાબા પગમાં ટીબીયા ફ્બ્યુલામાં હાડકાનું ફ્રેકચર આવેલ હતુ અને ડાબા હાથના પંજામાં ફ્રેકચર હોવાનુ

માલુમ પડેલ હતુ. આ દર્દીને તમામ સારવાર બાદ તા.૧૫/૦૩/૨૦૨૧ ના રોજ હોસ્પિટલમાંથી છુટા કરવામાં આવેલ. તેમના માનવા મુજબ દર્દીને થયેલ ઈજા ગંભીર પ્રકારની હતી. તેમના અભીપ્રાય મુજબ દર્દીને થયેલ ઇજા પડી જવાથી, બાઈક સ્લીપ થવાથી તથા ધોકા વડે માર મારવાથી થઈ શકે તેવી હતી. તેઓએ દર્દીને તપાસ્યા બાદ દર્દીનું ઈજા અંગેનું સારવાર સર્ટીફીકેટ તૈયાર કરેલ હતુ જે ઈન્જરી સર્ટીફીકેટની સ્થળપ્રત નકલ તેઓને બતાવવામાં આવે છે તેમાં હોસ્પિટલનુ રાઉન્ડ શીલ તથા તેઓની સહી છે અને નીચે તેઓનો હોદો છે અને આ સર્ટીફીકેટ તેઓના હસ્તાક્ષરમાં છે જે સહી તથા હસ્તાક્ષરો અને શીલ તેઓ ઓળખી બતાવે છે. જે ઈન્જરી સર્ટીફીકેટ આંક-૪૭ થી રજુ છે. સદર સાહેદે આરોપીઓના વિ.વ.શ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં જણાવેલ છે કે, **એ સવાલનો હકારમાં જવાબ આપી સ્વીકાર કરેલ છે કે, તેમની સમક્ષ ઈજા અંગેની હિસ્ટ્રી દર્દી હરીદાસ બાબાભાઈનાઓએ લખાવેલી હતી. દર્દીએ તેમની સમક્ષની હિસ્ટ્રીમાં કઈ વ્યકિતએ તેમને ઈજા કરેલ તે વ્યકિતનુ નામ કે વર્ણન લખવામાં આવેલ નથી.** એ સવાલનો હકારમાં જવાબ આપી સ્વીકાર કરેલ છે કે, દર્દી જયારે તેમની સમક્ષ સારવાર અર્થે આવેલ ત્યારે તેઓ સંપુર્ણપણે સભાન અવસ્થામાં અને બોલી શકે તેમ હતા. **દર્દીએ તેમની સમક્ષ આપેલ હિસ્ટ્રી સમયે તેઓને કોઈ પણ જાતનો રોગ કે બીમારી હોવાની હકીકત જણાવેલ ન હતી. દર્દીની તેઓએ તપાસ કરી તે દરમ્યાન દર્દી માનસીક બીમાર હોવાનુ તેમને જણાય આવેલ ના હતુ.** એ સવાલનો હકારમાં જવાબ આપી સ્વીકાર કરેલ છે કે, દર્દીને થયેલ ઈજા પડી જવાથી, બાઈક સ્લીપ થવાથી, તથા ધોકા વડે માર મારવાથી થઈ શકે તેવી હતી. આમ, સદર સાહેદે સારવાર આપનાર ડોકટર હોય

તેઓએ જે કાર્યવાહી કરી છે તેને અનુરૂપ જુબાની આપેલ હોવાનુ જણાય છે.

(૮.૧૦) ફરીયાદપક્ષ તરફે સાહેદ નં.૧૦ તરીકે આંક–૬૨ થી તપાસ કરનાર અલમદાર નીશાંત વિશ્નુદાસભાઇને તપાસતા તેઓએ તેમના પુરાવાની સરતપાસમાં જણાવેલ છે કે, તેઓએ તપાસ સંભાળી લઇ બનાવવાળી સ્થાનિક જગ્યાનુ પંચનામુ કરેલ તેમજ લાગતા વળગતા સાહેદોના નિવેદન મેળવેલ અને ઈજા પામનારે સરકારી હોસ્પિટલમાં સારવાર મેળવેલ તે અંગેના સારવાર સર્ટીફીકેટ મેળવી તપાસના કામમાં સામેલ રાખેલ. આરોપીઓએ બનાવ સમયે ઉપયોગમાં લીધેલ મુદામાલ પાવતી મુજબ કબજે કરેલ. આરોપીઓ વિરુઘ્ધ પુરતો પુરાવો હોય નામદાર કોર્ટમાં તેઓએ ચાર્જશીટ કરેલ. આંક–૬૩ થી હથિયારબંધીનુ જાહેરનામુ રજુ કરેલ છે. તેમની તપાસ દરમ્યાન ઈજા પામનાર હરજીવનભાઇની માનસીક સ્થીતી સારી ન હોય તે અંગેના તેમના સારવારના દસ્તાવેજોની ઝેરોક્ષ નકલ ફરીયાદીએ આપતા ચાર્જશીટ સાથે તપાસના કામે સામેલ રાખેલ છે. જે આંક–૬૪ થી રજુ રાખેલ છે. સદર સાહેદે આરોપીઓના વિ.વ.શ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં જણાવેલ છે કે, એ સવાલનો હકારમાં જવાબ આપી સ્વીકાર કરેલ છે કે, ઈજા પામાનાર માનીસીક બીમાર હોય તે અંગે તેઓએ કોઈ અભિપ્રાય ડોકટર પાસેથી મેળવેલ નથી. આમ, સદર સાહેદે તપાસ કરનાર અમલદાર હોય તેઓએ જે કાર્યવાહી કરી છે તેને અનુરૂપ જુબાની આપેલ હોવાનુ જણાય છે.

(૮.૧૧) ફરીયાદપક્ષ તરફે સાહેદ નં.૧૧ તરીકે આંક–૭૦ થી ડો. પ્રવિણ શાંતીલાલને તપાસતા તેઓએ તેમના પુરાવાની સરતપાસમાં જણાવેલ

છે કે, તેઓ જામનગરમાં વાલકેશવરી નગરીમાં વસુંધરા હોસ્પીટલમાં ૨૦૧૧ થી માનસીક રોગ નીષ્ણાંત તરીકે તેમની પ્રાઈવેટ પ્રેકટીશ કરે છે. તેઓ ૧૯૯૮ થી માનસીક રોગ નીષ્ણાંત તરીકે પ્રાઈવેટ પ્રેકટીશ કરે છે. તેમને કોર્ટ ફાઈલ માંથી આંક–૬૪ પૈકી રજુ થયેલા તેઓની હોસ્પીટલના સારવારના દસ્તાવેજો બતાવામાં આવે છે તે જોઈને જણાવે છે કે, તે સારવારના ડોકયુમેન્ટ હરજીવનભાઈ બાલકદાસ નીમાવતના તા.૨૦–૧–૨૦૧૬ ના છે. આ ડોકયુમેન્ટ આ દર્દીની સારવારનુ તેઓએ આપેલુ પ્રીસક્રીપશન છે જે જોઈને જણાવે છે કે, આ દર્દી સારવાર તેઓએ માનસીક રોગ બાઈપોલર ડીસઓર્ડર મેનીયા અંગેની લીધેલી જે તેમના હસ્તાક્ષરમાં છે તેમજ તેમના હોસ્પીટલની ફાઈલના આગળના પેજની ઝેરોક્ષ નકલ તેમને બતાવામા આવે છે જે તેમની હોસ્પીટલનુ છે. સદર દસ્તાવેજો પુરાવામાં આંક–૭૧ થી રજુ પેપેર્સ આરોપી પક્ષના વાંધા સાથે આંક આપેલ છે. બાયપોલર ડીસઓર્ડર મેનીયા ના દર્દીને સામાન્ય રીતે પંદર દીવસ થી છ મહીના સુધી સારવાર ચાલુ રહેલ છે અને ત્યા સુધી દર્દીએ દવા ચાલુ રાખવાની રહે છે અને અમુક કેસમા છ મહીના થી વધારે લાંબા સમય સુધી સારવાર ચાલુ રહે છે જે જે તે દર્દીની માનસીક બંધારણ સ્થીતી ઉપર નીર્ભર રહે છે. આ દર્દી ખુબજ આનંદમાં રહે અથવા ખુબજ ગુસ્સામાં રહે અથવા તો બોલબોલ વધારે કરે અને મોટી મોટી વાતો કરે અને ઉંઘ ઓછી થઈ જાય છે. અમુક સંજોગોમા દર્દી સામાન્ય રીતે પણ વાતચીત કરી શકે અને અમુક સંજોગોમાં અસામાન્ય રહે છે તે જે તે સંજોગો ઉપર આધાર રાખે છે. સદર સાહેદે આરોપીના વિ.વ.શ્રી દ્રારા કરવામાં આવેલ ઉલટતપાસમાં જણાવેલ છે કે, એ સવાલનો હકારમાં જવાબ આપી સ્વીકાર કરેલ છે કે, જો કોઇ દર્દી વધારે પડતો માનસીક બીમાર હોય અને નિયંત્રણ બહાર હોય તો દર્દીને માનસીક સારવાર આપતી

હોસ્પિટલમાં દાખલ કરવો પડે છે. તેઓ તેમના દર્દીને સારવારમાં પેપર્સમાં જો દર્દીને હોસ્પિટલમાં દાખલ કરવાની જરૂરીયાત હોય તો સ્પેશીફીક નોંધ કરે છે. તેમને આજરોજ પેપેર્સ બતાવવામાં આવ્યા છે તેમાં આવી કોઇ નોંધ કરેલાનુ તેમને વંચાણે આવેલ નથી. તેમને જે પેપર્સ બતાવવામાં આવ્યા છે તે અનુસાર દર્દીને એક વખત સારવાર તા.૨૦/૦૧/૨૦૧૬ ના રોજ આપેલ હોવાનુ જણાય છે. આમ, સદર સાહેદની જુબાની લક્ષે લેતા હરજીવનભાઇ બાલકદાસ બાયપોલર ડીસઓર્ડર મેનીયાના દર્દી હોવાનુ અને તા.૨૦/૦૧/૨૦૧૬ ના રોજ એક વખત સારવાર લીધેલ હોવાનુ જણાય છે.

**(૮.૧૨)** ફરીયાદપક્ષ તરફે સાહેદ નં.૧૨ તરીકે આંક–૭૪ થી ડો. દીપક સચ્ચીદાનંદને તપાસતા તેઓએ તેમના પુરાવાની સરતપાસમાં જણાવેલ છે કે, તેઓ માનસિક રોગ વિભાગ, જી.જી. હોસ્પીટલ, મેડીકલ કોલેજ, જામનગરમાં પ્રોફેસર તથા વિભાગના વડા તરીકે જુલાઈ–૨૦૧૩ થી ફરજ બજાવે છે. તેમને ફાઈલ માંથી આંક–૬૪ પૈકી તેઓની જી.જી.હોસ્પીટલના, માનસિક રોગ વિભાગના દસ્તાવેજો બતાવવામાં આવે છે. જેમાં દર્દી તરીકે હરજીવન બાલકદાસ નિમાવતનો ઉલ્લેખ થયેલ છે. હરજીવનભાઈ તા.૦૩/૦૩/૨૦૧૬ ના રોજ સાંજે સાડા ચાર વાગ્યે તેમના વિભાગની ઓપીડીમાં દર્દી તરીકે આવેલા અને ત્યારે તેમના લક્ષણો અનુસાર તેઓ ઉન્માદની (બાયપોલર ડીસઓર્ડર મેનીયા)ની સ્થિતી હોય અને તે માટે દાખલ કરવામાં આવેલ અને તે બાબતની દવાઓ આપવામાં આવેલી. આ પ્રકારની બિમારીમાં ઉપરોકત તપાસવામાં આવેલ દર્દી વધારે બોલબોલ કરતા હતા અને માણસોને બોલાવતા હોય તથા કુતરાઓને બિસ્કુટ ખવડાવવાનું ચાલુ રાખે, તેમની ઉંઘ ઓછી થઈ જાય, મોટી

મોટી વાતો કરતા હોય છે. આ દર્દી નાની નાની વાતે ગુસ્સે થઈ જતા હતા અને તે પ્રકારની ફરીયાદ દર્દી પોતે અને તેમની બહેને લખાવેલી. દર્દીની હિસ્ટ્રી જોતા તેમને આ તકલીફ છેલ્લા ચાર– પાંચ મહિનાથી હતી અને કુલ બિમારી છેલ્લા અઢાર વર્ષથી હતી. તેમને તેઓની એડવાઈઝ વિરૂદ્ધ ડીસ્ચાર્જ લીધેલ છે. આંક–૬૪ થી રજુ થયેલ કેસ પેપર્સ પૈકી આજરોજ રીફર કરવામાં આવેલ કેસ પેપર્સને વધુમાં અલગથી આંક– ૭૫ આપવામાં આવે છે. તેઓને આંક–૪૭ પૈકીના પેઈજ નં. ૩૪ બતાવવામાં આવે છે તેમાં દર્દીને ત્યારે તેઓના વિભાગના ડોકટરે જોયેલ છે અને ત્યારે પણ તેની મન:સ્થિતી ઉપરોકત જણાવેલ બિમારીના લક્ષણો જેવી જ હતી. સદર સાહેદે આરોપીઓનાં વિ.વ.શ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં પુછવામાં આવેલ સવાલોનો હકારમાં જવાબ આપી સ્વીકાર કરેલ છે કે, દર્દીને જે બીમારી હતી તે અનુસાર દર્દી ખોટી રીતે કાલ્પનીક ઈમેજીન કરી મોટી મોટી વાતો કરી શકે.

**<u>ફરીયાદ પક્ષે રજુ થયેલ તમામ પુરાવાઓનુ સંયુકત મુલ્યાંકન</u> :–**

(૯) ફોજદારી ન્યાય પ્રણાલીના મૂળભૂત અને પાયાના સિદ્ધાંતો લક્ષે લેતા આરોપીઓ સામે શંકારહીત કેસ પુરવાર કરવાનો ભાર ફરિયાદપક્ષના શીરે રહેલો છે. જો બનાવના મૂળ સ્વરૂપ પરત્વે શંકા ઉત્પન્ન થાય તો સદર શંકાનો લાભ આરોપીઓની તરફેણમાં રહે છે. પુરાવાની સંખ્યા ધ્યાને લેવાની નથી. પુરાવાની ગુણવત્તા ધ્યાને લેવાની રહે છે. ફરિયાદ પક્ષે રજૂ થયેલ પુરાવાઓનું હાલના કામે રજૂ થયેલ ફરિયાદની હકીકત પરત્વે તથા આરોપીઓ સામે આક્ષેપવામાં આવેલ ભારતીય દંડ સંહિતાની કલમ– ૩૨૫, ૩૨૩, ૫૦૪, ૧૧૪ તથા જી.પી.એકટની

કલમનો ૧૩૫(૧) મુજબના શિક્ષાપાત્ર ગુનાના આવશ્યક તત્વોના સંદર્ભે મૂલ્યાંકન કરવું જરૂરી બને છે.

(૯.૧) નામદાર સુપ્રીમકોર્ટ દ્વારા Krishnegowda Versus State Of Karnataka with Nanje Gowda Versus State Of Karnataka ના કેસમાં આપવામાં આવેલ ચુકાદો કે જે 2017 (0) AIJEL-SC 59963 પર પ્રસિધ્ધ થયેલ છે તે કેસ ચુકાદામાં ઠરાવેલ છે કે,

20. Generally in the criminal cases, discrepancies in the evidence of witness is bound to happen because there would be considerable gap between the date of incident and the time of deposing evidence before the Court, but if these contradictions create such serious doubt in the mind of the Court about the truthfulness of the witnesses and it appears to the Court that there is clear improvement, then it is not safe to rely on such evidence.

25. It is to be noted that all the eyewitnesses were relatives and the prosecution failed to adduce reliable evidence of independent witnesses for the incident which took place on a public road in the broad day light. Although there is no absolute rule that the evidence of related witnesses has to be corroborated by the evidence of independent witnesses, it would be trite in law to have independent witnesses when the evidence of related eyewitnesses is found to be incredible and not trustworthy. The minor variations and contradictions in the evidence of eyewitnesses will not tilt the benefit of doubt in favor of the accused but when the contradictions in the evidence of prosecution witnesses proves to be fatal to the prosecution case then those contradictions go to the root of the matter and in such cases accused gets the benefit of doubt.

25. It is the duty of the Court to consider the trustworthiness of evidence on record. As said by Benthem, "witnesses are the eyes and ears of justice". In the facts on hand, we feel that the evidence of these witnesses is filled with discrepancies, contradictions and improbable versions which draws us to the irresistible conclusion that the evidence of these witnesses cannot be a basis to convict the accused.

27. It is settled law that mere latches on the part of Investigating Officer itself cannot be a ground for acquitting the accused. If that is the basis, then every criminal case will depend upon the will and design of the Investigating Officer. The Courts have to independently deal with the case and should arrive at a just conclusion beyond reasonable doubt basing on the evidence on record.

29. Once there is a clear contradiction between the medical and the ocular evidence coupled with severe contradictions in the oral evidence, clear latches in investigation, then the benefit of doubt has to go to the accused.

(૯.૨) નામદાર સુપ્રીમકોર્ટ દ્વારા Rajesh Yadav Versus State Of Uttar Pradesh ના કેસમાં આપવામાં આવેલ ચુકાદો કે જે 2022 (0) AIJEL-SC 68346 પર પ્રસિધ્ધ થયેલ છે તે કેસ ચુકાદામાં ઠરાવેલ છે કે,

20. We have already indicated different classification of evidence. While appreciating the evidence as aforesaid along with the matters attached to it, evidence can be divided into three categories broadly namely, (i) wholly reliable, (ii) wholly unreliable and (iii) neither wholly

reliable nor wholly unreliable. If evidence, along with matters surrounding it, makes the court believe it is wholly reliable qua an issue, it can decide its existence on a degree of probability. Similar is the case where evidence is not believable. When evidence produced is neither wholly reliable nor wholly unreliable, it might require corroboration, and in such a case, court can also take note of the contradictions available in other matters. The aforesaid principle of law has been enunciated in the celebrated decision of this Court in Vadivelu Thevar v. State of Madras, 1957 SCR 981:

26. A chance witness is the one who happens to be at the place of occurrence of an offence by chance, and therefore, not as a matter of course. In other words, he is not expected to be in the said place. A person walking on a street witnessing the commission of an offence can be a chance witness. Merely because a witness happens to see an occurrence by chance, his testimony cannot be eschewed though a little more scrutiny may be required at times. This again is an aspect which is to be looked into in a given case by the court. We do not wish to reiterate the aforesaid position of law which has been clearly laid down by this Court in State of A.P. v. K. Srinivasulu Reddy, (2003) 12 SCC 660:

28. A related witness cannot be termed as an interested witness per se. One has to see the place of occurrence along with other circumstances. A related witness can also be a natural witness. If an offence is committed within the precincts of the deceased, the presence of his family members cannot be ruled out, as they assume the position of natural witnesses. When their evidence is clear, cogent and withstood the rigor of cross examination, it becomes sterling, not requiring further corroboration. A related

witness would become an interested witness, only when he is desirous of implicating the accused in rendering a conviction, on purpose.

31. A mere non-examination of the witness per se will not vitiate the case of the prosecution. It depends upon the quality and not the quantity of the witnesses and its importance. If the court is satisfied with the explanation given by the prosecution along with the adequacy of the materials sufficient enough to proceed with the trial and convict the accused, there cannot be any prejudice. Similarly, if the court is of the view that the evidence is not screened and could well be produced by the other side in support of its case, no adverse inference can be drawn. Onus is on the part of the party who alleges that a witness has not been produced deliberately to prove it. The aforesaid settled principle of law has been laid down in Sarwan Singh v. State of Punjab, (1976) 4 SCC 369:

(૯.૩) નામદાર સુપ્રીમકોર્ટ દ્વારા Mahavir Singh Versus State Of Madhya Pradesh ના કેસમાં આપવામાં આવેલ ચુકાદો કે જે 2016 (0) AIJEL-SC 59365 પર પ્રસિધ્ધ થયેલ છે તે કેસ ચુકાદામાં ઠરાવેલ છે કે,

22. The position of law in cases where there is a contradiction between medical evidence and ocular evidence can be crystallized to the effect that though the ocular testimony of a witness has greater evidentiary value vis-a-vis medical evidence, when medical evidence makes the ocular testimony improbable, that becomes a relevant factor in the process of the evaluation of evidence. However, where the medical evidence goes far that it completely rules out all possibility of the ocular evidence

being true, the ocular evidence may be disbelieved [See : Abdul Sayeed v . State of M.P., 2011(1) R.C.R.(Criminal) 550 : 2011(1) Recent Apex Judgments (R.A.J.) 266 : (2010) 10 SCC 259]

24. It is the duty of the Apex Court to separate chaff from the husk and to dredge the truth from the pandemonium of Statements. It is but natural for human beings to state variant statements due to time gap but if such statements go to defeat the core of the prosecution then such contradictions are material and the Court has to be mindful of such statements [See : Tahsildhar Singh v. State of UP, AIR 1959 SC 1012; Pudhu Raja v. State, (2012) 11 SCC 196; State of U.P. v. Naresh, 2011(4) R.C.R.(Criminal) 355 : 2011(5) Recent Apex Judgments (R.A.J.) 259 : (2011) 9 SCC 698]. The case in hand is a fit case, wherein there are material exaggerations and contradictions, which inevitably raises doubt which is reasonable in normal circumstances and keeping in view the substratum of the prosecution case, we cannot infer beyond reasonable doubt that the appellant caused the death of the deceased.

(૧૦) ફ.સા.નં.૧ યાને ફરીયાદીની સરતપાસ લક્ષે લેતા તેમને, તેમના ભાઇ તથા તેમની મમ્મીને મન ફાવે તેમ ગાળો આરોપીઓ આપતા હોવાનુ કથન કરેલ છે. સદર ફ.સા.નં.૧ નાઓએ તેઓની સરતપાસમાં "આને મારી જ નાખવો" છે તવી વિગતનુ કથન કરેલ છે. હવે આંક-૧૭ થી રજુ થયેલ ફરીયાદ લક્ષે લેતા ફરીયાદમાં ફરીયાદીએ કહેવાતા બનાવમાં આરોપીઓ દ્વારા ધમકી આપવામાં આવેલ હોય તેવી હકીકતનુ કથન કરેલ નથી. ફ.સા.નં.૨ સાહેદ પ્રફુલભાઇ પરષોતમભાઇએ તેઓની સરતપાસમાં તેમને જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોવાનુ

કથન કરેલ છે પરંતુ આંક–૧૭ થી ફરીયાદમાં ધમકી આપેલાની વિગતનુ કથન થયેલ નથી. સદર ફ.સા.નં.૨ નાઓએ તેઓની સરતપાસમાં કહેવાતા બનાવમાં આરોપીઓએ ગાળો આપેલ હોવાનુ સ્પષ્ટપણે કથન કરેલ નથી. ફ.સા.નં.૩ સાહેદ પાર્વતીબેન પરષોતમભાઇ તેમની જુબાનીમાં કહેવાતા બનાવમાં આરોપીઓએ ગાળો બોલેલ હોય તેવી હકીકતનુ સ્પષ્ટપણે કથન કરેલ નથી. ફ.સા.નં.૪, ફ.સા.નં.૫ નાઓએ તેઓની જુબાનીમાં કહેવાતા બનાવમાં આરોપીઓએ ગાળો આપેલ હોય તેવી હકીકતનુ કથન કરેલ નથી. ઉપરોકત ચર્ચા કરી તે તમામ સાહેદોની જુબાનીમાં કહેવાતા બનાવમાં ઉચ્ચારણ કરવામાં આવેલ વાસ્તવિક બિભત્સ શબ્દો રેકોર્ડ પર આવેલ નથી.

(૧૦.૧) આ કામે ઈજા પામનાર ફરીયાદીના મામા હરજીવનભાઈ બાલકદાસ અગ્રાવત છે. ફરીયાદીના કથન અનુસાર તથા ફરીયાદપક્ષના કથન અનુસાર સદર ઈજા પામનાર હરજીવનભાઇ બાલકદાસની માનસીક સ્થીતી અસ્વસ્થ છે. તેઓ કોર્ટમાં જુબાની આપી શકે તેવી સ્થીતીમાં નથી. ફ.સા.નં.૯ ડો. પ્રવિણ જેરામભાઈની ઉલટતપાસ લક્ષે લેતા દર્દીને તેઓએ તપાસતા દર્દી માનસીક બીમાર હોવાનુ તેમને જણાય આવેલ ન હોવાનુ સ્વીકાર કરેલ છે. ફ.સા.નં.૧૦ તપાસ કરનાર અમલદારની જુબાની લક્ષે લેતા ઉલટતપાસમાં તેઓએ ડોકટરના કોઈ નિવેદન લીધેલ ન હોવાનુ તથા ઈજા પામનાર માનસીક બીમાર હોય તે અંગે તેઓએ અભિપ્રાય ડોકટર પાસેથી મેળવેલ ન હોવાનુ કથન કરેલ છે. આમ, કહેવાતો બનાવ તા.૦૬/૦૩/૨૦૨૧ ના રોજ ઈજા પામનાર હરજીવનભાઈ બાલકદાસની માનસીક સ્થીતી અસ્વસ્થ હોય તેવી હકીકત ઈજા પામનારને સારવાર આપનાર ડોકટરની જુબાનીથી

જણાય આવેલ નથી તથા તપાસ કરનાર અમલદારે સદર વિગત પરત્વે કોઇ અભિપ્રાય ડોકટર પાસેથી મેળવેલ ન હોવાનુ જણાય છે. ફરીયાદપક્ષ તર્ફે ઈજા પામનાર માનસીક રીતે અસ્વસ્થ હોય તે દર્શાવવા તેમને સારવાર આપનાર ડોકટરને ફ.સા.નં.૧૧ તથા ફ.સા.નં.૧૨ તરીકે તપાસવામાં આવેલ છે. સદર ફ.સા.નં.૧૧ તથા ફ.સા.નં.૧૨ નાઓની સરતપાસ લક્ષે લેતા ઈજા પામનાર હરજીવનભાઇ બાઇપાલર ડીસઓર્ડરની માનસીક બીમારીની તેઓએ સારવાર આપેલ હોવાનુ કથન કરેલ છે. પરંતુ સદર ફ.સા.નં.૧૧ નાઓએ તા.૨૦–૦૧–૨૦૧૬ ના રોજ એક જ વખત સારવાર કરેલ હોવાનુ જણાય છે તથા ફ.સા.નં.૧૨ નાઓની સરતપાસ લક્ષે લેતા તેમની બીમારી અઢાર વર્ષની હતી. આંક–૭૫ થી રજુ પ્રમાણપત્ર લક્ષે લેતા તા.૦૭/૦૩/૨૦૧૬ થી ૦૩/૦૬/૨૦૧૬ દરમ્યાન હોવાનુ જણાય છે. આમ, કહેવાતો બનાવ બનેલ ત્યારે તથા હાલના કેસની ઈન્સાફી કાર્યવાહી દરમ્યાન સદર ઈજા પામનારની માનસીક સ્થીતી પરત્વે કોઇ પુરાવો ફરીયાદપક્ષ રેકોર્ડ પર લાવી શકેલ નથી. વિ.એ.પી.પી.શ્રીની દલીલો પ્રમાણે ઈજા પામનાર હરજીવનભાઇ માનસીક બીમાર હોય તેમને તપાસી શકે તેમ નથી. હવે ભારતીય પુરાવા કાયદાની કલમ–૧૧૮ માં સક્ષમ સાક્ષી અંગેની જોગવાઇ કરવામાં આવેલ છે. સદર કાયદાની જોગવાઇ અનુસાર તમામ વ્યકિતઓ સાક્ષી પુરાવા આપવા સક્ષમ છે, સિવાય કે, નાજુક વય, વૃધ્ધત્વ, રોગ અથવા અશકિતને કારણે તેમને પુછવામાં આવેલ પ્રશ્નનો બુધ્ધીગમ્ય જવાબ આપવા અદાલત તેમને અસમર્થ ગણે. જો દીવાની માત્ર તેને પુછવામાં આવેલ પ્રશ્નનો બુધ્ધીગમ્ય ઉત્તરો આપી શકે તેમ હોય તો પણ તે સક્ષમ સાક્ષી છે. આમ, ભારતીય પુરાવા કાયદાની કલમ–૧૧૮ અનુસાર દીવાની (માનસીક અસ્વસ્થ)

વ્યકિતને પુછેલ સવાલોનો બુધ્ધીગમ્ય જવાબ આપી શકે તો પણ સક્ષમ સાક્ષી છે. ઉપરોકત ચર્ચા કરી તે અનુસાર બનાવ બનેલ ત્યારે ઈજા પામનાર બુધ્ધીગમ્ય જવાબ આપી શકે તેમ ન હોય કે સવાલો સમજી ન શકે તેમ હોય તેવી હકીકત પરત્વે તપાસ કરનાર અમલદારે તપાસ કરેલ નથી. ફ.સા.નં.૧૧ તથા ૧૨ ની જુબાની અનુસાર કહેવાતા બનાવના ઘણા સમય પહેલા ઈજા પામનારની તેઓએ સારવાર કરેલ છે. તપાસ કરનાર અમલદારે તેઓની સરતપાસમાં ઈજા પામનાર કઈ બીમારીથી પીડીત હોય અને ઈજા પામનાર સવાલો સમજી શકે તેમ ન હોય તેવી માનસીક સ્થીતીમાં હોવા પરત્વે તપાસ કરેલ હોય તેવી હકીકત જણાવેલી નથી જે વિગત નજર અંદાજ થઈ શકે તેમ નથી.

**(૧૦.૨)** ફરીયાદી યાને ફ.સા.નં.૧ નાઓની જુબાની લક્ષે લેતા તેઓએ સરતપાસમાં આરોપી નં.(૧) નાઓએ લાકડાના ધોકા વડે તેમના મામાના ડાબા પગામાં ઘુંટણથી નીચેના ભાગે મારેલ હોવાનુ કથન કરી બીજો ઘા ડાબા હાથના પોચામાં મારેલ હોવાનુ કથન કરી આરોપી નં.૪ નાઓએ ધોકા વડે તેમના મામાને ડાબા પગે સાથળના ભાગે ઘા મારેલ હોવાનુ કથન કરી બીજો ઘા વાસામાં મારેલ હોવાનુ કથન કરી આરોપી નં.૩ તથા ૪ નાઓએ તેમના મામાને ઢીકાપાટુનો માર મારેલાનુ કથન કરેલ છે. સદર ફ.સા.નં.૧ નાઓએ ઉલટતપાસમાં તેમના ઘરથી બનાવ સીધો ન દેખાતો હોવાનુ કથન જણાવી ડોકટર સાહેબે તેમના કહેવા મુજબ હિસ્ટ્રી લખેલ હોવાનુ જણાવી કોણે કયા હથીયારથી કેવી રીતે મારેલ તે લખાવેલ હોવાનુ કથન કરેલ છે. હવે ફ.સા.નં.૨ સાહેદ પ્રફુલભાઈ પરષોતમભાઈએ સરતપાસમાં આરોપી નં.૧ નાઓએ ધોકો તેમના મામાને ડાબા પગના ગોઠણના ભાગે અને ડાબા હાથમાં મારેલ

હોવાનુ કથન કરી આરોપી નં.૨ તથા ૩ નાઓએ તેમના મામાને ઢીકાપાટુનો માર મારેલ હોવાનુ કથન કરી આરોપી નં.(૪) એ લાકડાનો ધોકો તેમના મામાને વાસામાં મારેલ હોવાનુ કથન કરેલ છે. સદર ફ.સા.નં.૨ નાઓએ ઉલટતપાસમાં કેસ તેઓએ કઢાવેલ હોવાનુ જણાવી બનાવની હકીકત તેઓએ ડોકટરને જણાવેલ હોવાનુ જણાવી એ સવાલનો હકારમાં જવાબ આપી સ્વીકાર કરેલ છે કે, કયા આરોપીએ કયા હથીયારથી તેમના મામાને મારેલ તે તેઓએ ડોકટરને લખાવેલ હોવાનુ કથન કરેલ છે. ફ.સા.નં.૩ યાને સાહેદ પાર્વતીબેન પરષોતમભાઇ તેમના પુરાવાની સરતપાસમાં આરોપી નં.(૧) તથા આરોપી નં.(૪) ના હાથમાં લાકડાના ધોકા હોવાનુ કથન કરી આરોપી નં.(૪) નાઓએ તેમના ભાઇને ડાબા હાથના પોચામાં લાકડાના ધોકાથી માર મારેલ હોવાનુ કથન કરી આરોપી નં.(૧) નાઓએ તેમના ભાઇને લાકડાના ધોકા વડે ડાબા પગમાં ગોઠણથી નીચેના ભાગે માર મારેલ હોવાનુ કથન કરેલ છે. ફ.સા.નં.૪ સાહેદ ઘનશ્યામસિંહ બટુકસિંહની જુબાની લક્ષે લેતા તેઓએ બનાવ તેમની હાજરીમાં બનેલ ન હોવાનુ જણાવી હરજીવનભાઇએ તેઓને આરોપીઓએ ધોકા વડે માર મારેલ હોવાનુ જણાવેલ હોવાનુ કથન કરેલ છે. ફ.સા.નં.પ સાહેદ ઉપેન્દ્રસિંહ મહેન્દ્રસિંહે તેઓની સરતપાસમાં તેમના ઘરે મહેમાન આવેલ હોય, પાન-મસાલાની દુકાને ગયેલા સમયે ચાર જણા હરજીવનભાઇને મારતા હોવાનુ કથન કરેલ છે. હવે સદર ફ.સા.નં. પ તેઓની સરતપાસમાં કહેવાતો બનાવ તા.૦૩/૦૬/૨૦૨૧ ના રોજ બનેલાનુ જણાવી સવારે આઠ વાગ્યે બનાવ બનેલ હોવાનુ જણાવે છે. હવે કહેવાતા બનાવ બાદ ઈજા પામનાર હરજીવનભાઇને સવારે ૭:૦૦ વાગ્યે જી.જી.હોસ્પીટલમાં સારવાર માટે લઇ ગયેલ હોવાનુ ફ.સા.નં.૯ નાઓની જુબાનીથી સમર્થન મળેલ છે. ફ.સા.નં.૯ ની જુબાની લક્ષે

લેતા તથા સારવાર પેપર્સ લક્ષે લેતા હરજીવનભાઈને ડાબા પગમાં ટીબીયા ફ્રોબ્યુલામાં હાડકાનુ ફ્રેકચર અને ડાબા હાથના પોચામાં ફ્રેકચર હોવાની જણાય છે. હવે સદર ફ.સા.નં.૯ નાઓની જુબાની લક્ષે લેતા હિસ્ટ્રીમાં ''અજાણ માણસે ધોકા વડે માર મારેલ છે'' તેવુ જણાવેલ છે. આંક–૪૭ થી રજુ થયેલ સારવાર પેપર્સ પૈકી તા.૦૬/૦૩/૨૦૨૧ ના રોજના ઓપીડી પેપર્સ લક્ષે લેતા ''આજે સવારે ૭ : ૦૦ વાગ્યે એક અજાણ્યા માણસે ઢીકા વડે માર મારેલ છે'' તેવુ લખાણ થયેલ છે. સારવાર પેપર્સ પૈકી તા.૧૫/૦૩/૨૦૨૧ ના રોજની ડિસ્ચાર્ઝ સમરી લક્ષે લેતા કથન થયેલ છે કે, "Patient was Speaking abuse words to surrounding people at that time 4-5 people walking on the Road patient start quarel, with those 4-5 people **&** speaking abusive words so those 4-5 people (Dineshbhai, Jethabhai & 3 unknoun person) Start to Bearing with wooden stick (Dhoka) and kicks & punch." સારવાર પેપર્સ પૈકી ગુજરાતીમાં એમ.એલ.સી માં લખેલ છે કે, ''રસ્તામાં ખરાબ શબ્દો બોલતા જઈ રહ્યા હતા ત્યારે રસ્તા પર જતા ચાર લોકોએ તે શબ્દો સાંભળતા અને એમને એવુ લાગ્યુ કે, અમને કીધુ અને તેઓએ દર્દીને લાત્તો અને મુકકા માર્યા અને પછીથી લાકડાની લાકડી વડે માર માર્યો અને દર્દીને ડાબા પગે, ડાબા હાથમાં ઈજા પહોંચી'' આમ, સારવાર પેપર્સ લક્ષે લેતા હિસ્ટ્રીમાં અલગ અલગ તબકકે ઉપરોકત ચર્ચા કરી તે અલગ અલગ વિગતો નોધવામાં આવેલ છે. જે હકીકત નજર અંદાજ થઈ શકે તેમ નથી. રજુ થયેલ પુરાવાઓથી આરોપીઓ ફરીયાદીના વિસ્તારના જ હોય બનાવ પહેલાથી ઓળખતા હોય તેમ છતાં કહેવાતા બનાવ બાદ સારવાર દરમ્યાન અલગ અલગ વિગતો લખાવેલ હોવાનુ જણાય છે. કૃત્ય કરનાર ઈસમોની સંખ્યા પરત્વે પણ અલગ અલગ વિગતો લખાવેલ છે. ફ.સા.નં.૧ નાઓ

તેમની ઉલટતપાસમાં તેઓએ ડોકટરને વિગતો લખાવેલ હોવાનુ જણાવે છે. ફ.સા.નં.૨ નાઓ ઉલટતપાસમાં તેઓએ ડોકટરને વિગત લખાવેલ હોવાનુ જણાવે છે. ફ.સા.નં.૯ સારવાર આપનાર ડોકટર હિસ્ટ્રી ઈજા પામનાર હરજીવનભાઈએ જાતે લખાવેલ હોવાનુ કથન કરેલ છે. આમ, ઉપરોકત ચર્ચા કરી તે તમામ પુરાવા સંયુકત લક્ષે લેતા કહેવાતા બનાવના બે અલગ અલગ વર્ઝન (સ્વરૂપ) સ્થાપીત થતા હોવાનુ જણાય છે અને કહેવાતા બનાવના મુળ સ્વરૂપ પરત્વે વ્યાજબી શંકાઓ ઉપસ્થીત થાય છે. આ કામના ઈજા પામનાર હરજીવનભાઈ સવાલો સમજી ન શકે તેવી માનસીક સ્થીતી ધરાવતા હોય તેવા માની શકાય આધાર પુરાવા બનાવ સમય દરમ્યાનના ફરીયાદપક્ષે રજુ થયેલ નથી અને સદર વિગત પરત્વે તપાસ કરનાર અમલદારે કોઈ અભિપ્રાય ડોકટરનો મેળવેલ ન હોવાનુ જણાય છે. ફ.સા.નં.૯ યાને સારવાર આપનાર ડોકટરની ઉલટતપાસ લક્ષે લેતા તેઓની તપાસ દરમ્યાન દર્દી માનસીક બીમાર હોવાનુ જણાય આવેલ ન હોવાનુ સ્વીકાર કરેલ છે. જે હકીકત નજર અંદાજ થઈ શકે તેમ નથી. ફ.સા.નં.૧ ઉલટતપાસ દરમ્યાન તેઓ બનાવ સ્થળે ગયા બાદ માણસો આવેલ હોવાનુ જણાવી તેઓ ગયા ત્યારે બીજા માણસો ન હોવાનુ જણાવે છે. ફ.સા.નં.૨ ની ઉલટતપાસમાં તેઓ બનાવ સ્થળે ગયા ત્યારે આજુબાજુના ઘણા માણસો ભેગા થઈ ગયેલા હોવાનુ જણાવી સદર માણસો જોતા હતા અને આરોપીઓ મારતા હોવાનુ કથન કરેલ છે. ફ.સા.નં.૫ ઉપેન્દ્રસિંહ તેમની સરતપાસમાં બનાવની અલગ તારીખ જણાવી ઉલટતપાસમાં પ્રફુલભાઈ, અજયભાઈ, દીલીપભાઈ તેમના મિત્રો હોવાનુ સ્વીકાર કરેલ છે. ફ.સા.નં.૫ નાઓ કયા પાન મસાલાની દુકાને ગયેલા તે બાબતે જણાવતા નથી. કોણ મહેમાન આવેલ તે જણાવેલ નથી. બનાવનો સમય આઠ વાગ્યાનો જણાવે છે. જયારે

ફરીયાદ હકીકત અનુસાર કહેવાતો બનાવ ૭:૪૫ તો છે. સારવાર પેપર્સ અનુસાર કહેવાતો બનાવ ૭:૦૦ વાગ્યાનો છે. સારવાર પેપર્સ અનુસાર સવારે ૯:૦૦ વાગ્યે સારવાર માટે દર્દીને લાવેલ હોવાનુ જણાય છે. આમ, તમામ વિગતો લક્ષે લેતા સાહેદ ઉપેન્દ્રસિંહ ''ચાન્સ સાક્ષી''હોવાનુ જણાય છે પરંતુ કહેવાતા બનાવ સમયે તેમની હાજરી શંકાસ્પદ જણાય આવે છે. ફ.સા.નં.૩ તેમની સરતપાસમાં કહેવાતો બનાવ પાંચ વાગ્યે હોવાનુ કથન કરેલ છે. આમ, કહેવાતો બનાવ બનવાના સમયમાં વિસંગતતા જણાય આવે છે. ફ.સા.નં.૧ નાઓ ઉલટતપાસમાં બનાવ સમયે તેઓ બનાવ સ્થળે પહોચ્યા ત્યારે બીજા કોઈ માણસો ન હોવાનુ જણાવી તેઓ ગયા બાદ માણસો આવેલ હોવાનુ જણાવે છે. ફ.સા.નં.૨ ઉલટતપાસમાં તેઓ પહોંચેલા ત્યારે આજુબાજુના ઘણા માણસો હોવાનુ જણાવે છે. આમ, સ્થળ પર હાજર ભેગા થયેલા માણસો પરત્વે પણ વિસંગતતા જણાય છે. જો દેકારો થતા ઈજા પામનારના ઘરવાળા ૧૦૦ મીટર દુરથી આવેલ હોય તો સદર વિસ્તારમાં રહેતા અન્ય ઇસમો પણ આવી જાય પરંતુ તપાસ કરનાર અમલદારે સ્વતંત્ર ઈસમોના નિવેદનો નોંધેલ ન હોય અને માત્ર ઈજા પામનારના ઘરના સભ્યો અને તેમના મિત્રોના નિવેદનો નોંધેલ છે જે હકીકત નજર અંદાજ થઇ શકે તેમ નથી. આમ, ઉપરોકત ચર્ચા કરી તે તમામ પુરાવા લક્ષે લેતા કહેવાતા બનાવના મુળ સ્વરૂપ પરત્વે વ્યાજબી શંકાઓ ઉત્પન્ન થયેલ છે અને ઉપરોકત વિસ્તૃત ચર્ચા કરી તે અનુસાર ઈજા પામનારનુ તપાસ કરનાર અમલદાર દ્વારા તપાસ દરમ્યાન નિવેદન નોંધેલ ન હોય અને ફરીયાદપક્ષે પણ સદર ઈજા પામનારની જુબાની નોંધી શકાય તેમ ન હોય તેવી માનસીક સ્થીતી ઈન્સાફી કાર્યવાહી દરમ્યાન હોય તે અંગે માની શકાય તેવા સબળ પુરાવા રેકોર્ડ પર લાવી શકેલ ન હોય તે હકીકત સમગ્ર બનાવના મુળ

સ્વરૂપ પરત્વે જે શંકા ઉત્પન્ન થયેલ છે તે ફરીયાદપક્ષની વિરુધ્ધમાં રહે છે. આમ, જે વિસંગતતા છે તે મહત્વના મુદે છે અને નજીવી ન હોવાનુ જણાય છે.

(૧૦.૩) આંક–૩૭ થી રજુ થયેલ બનાવવાળી જગ્યાના પંચ સાહેદ વિશાલભાઇ રણછોડભાઇ તથા પંચ સાહેદ જયદિપભાઇ પરબતભાઈની જુબાની લક્ષે લેતા સદર બંને પંચ સાહેદોએ આંક–૩૩ થી રજુ થયેલ બનાવવાળી જગ્યાના પંચનામાંના સમયે હાજર હોવાનુ જણાય છે પરંતુ આંક–૩૩ થી રજુ થયેલ બનાવવાળી જગ્યાના પંચનામુ લક્ષે લેતા સ્થાનિક કે કોઈ અગત્યના નિશાન કે ચિન્હો જોવામાં કે કોઈ હથીયાર પડેલ જોવામાં ન હોવાનુ જણાય છે.

(૧૦.૪) આંક–૩૩ થી રજુ રીકવરી પંચનામાંના પંચ સાહેદ દીનેશભાઈ લાખાભાઇએ તેમની જુબાનીથી સદર પંચનામાંની વિગતને લેશમાત્ર સમર્થન ન આપી તેમની હાજરીમાં કોઇ હથીયાર કબજે થયેલ ન હોવાનુ કથન કરેલ છે. સદર પંચનામાંના અન્ય પંચ સાહેદે રાહુલ ધિરુભાઇ સરનામા પર મળી આવતા ન હોય બજવણી કરનાર અધિકારી સમન્સની બજવણી કરવામાં નિષ્ફળ ગયેલ હોય સદર સાહેદની જુબાની નોંધી શકાયેલ નથી.

(૧૦.૫) આંક–૬૩ થી હથિયારબંધીના જાહેરનામાની નકલ રજુ થયેલ છે. ફ.સા.નં.૧૦ તપાસ કરનાર અમલદારની જુબાની લક્ષે લેતા સદર આંક– ૬૩ વાળુ હથીયારબંધીનુ જાહેરનામું ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ–૩૭ માં ઠરાવ્યા અનુસાર જાહેર જનતાની જાણમાં આવે તે રીતે પ્રસિદ્ધ કરવામાં આવેલ હોય તેવી

હકીકત પ્રસ્થાપિત થયેલ નથી. આમ, તમામ પુરાવા લક્ષે લેતા ગુજરાત પોલીસ એકટની કલમ–૧૩૫ સાથે વાંચતા કલમ–૩૭ માં ઠરાવ્યા અનુસારના તમામ તત્વો પરીપુર્ણ તથા હોવાનુ ફરીયાદ પક્ષ પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે.

(૧૧) નામદાર ગુજરાત હાઇકોર્ટ દ્વારા પ્રવિણભાઇ બેચરભાઇ વણકર વિ. સ્ટેટ ઓફ ગુજરાતના કેસમાં આપેલ ચુકાદો કે જે ૨૦૦૭(૧) જી.એલ. એચ. ૩૩૭ પર પ્રસિધ્ધ થયેલછે તે કેસ ચુકાદામાં ઠરાવેલ છે કે, આરોપીઓ દ્વારા વપરાયેલ અસલ શબ્દો રેકર્ડ પર આવ્યા નહી. જયાં સુધી તે રેકોર્ડ પર આવે નહી ત્યાં સુધી એવુ ઠરાવવુ શકય નથી કે, ગુનો આચરવામાં આવ્યો છે. ઇ.પી.કો. કલમ–૫૦૪ માં લખ્યા પ્રમાણે અપમાન માત્ર ઈરાદાપુર્વકનુ જ નહી પરંતુ અપમાનીત વ્યકિતને જાહેર શાંતિનો ભંગ કરવા અથવા અન્ય ગુનો કરવા ઉશ્કેરણી કરતો હોવો જોઇએ. ઇ.પી.કો. કલમ–૫૦૬ માં દર્શાવ્યા પ્રમાણે આવી ધમકી અપાયેલી વ્યકિતના કાનમાં ગભરાટ ઉભો કરતી હોવી જોઇએ.

(૧૧.૧) નામદાર સુપ્રીમ કોર્ટ દ્વારા Ghurey Lal Versus State Of Uttar Prades ના કેસમાં આપવામાં આવેલ ચુકાદો કે જે 2008 (0) AIJEL-SC 41908 પર પ્રસિધ્ધ થયેલ છે તે કેસ ચુકાદામાં ઠરાવેલ છે,

61. In B.N. Mutto & Another V/s. Dr. T.K. Nandi (1979) 1 SCC 361, the Court observed thus:

["It stems out of the fundamental principle of our criminal jurisprudence that the accused is entitled to the benefit of any reasonable doubt. If two reasonably probable and evenly balanced views of the evidence are possible, one must necessarily concede the existence of a reasonable doubt. But, fanciful and remote possibilities must be left

out of account. To entitle an accused person to the benefit of a doubt arising from the possibility of a duality of views, the possible view in favour of the accused must be as nearly reasonably probable as that against him. If the preponderance of probability is all one way, a bare possibility of another view will not entitle the accused to claim the benefit of any doubt. It is, therefore, essential that any view of the evidence in favour of the accused must be reasonable even as any doubt, the benefit of which an accused person may claim, must be reasonable. "A reasonable doubt", it has been remarked, "does not mean some light, airy, insubstantial doubt that may flit through the minds of any of us about almost anything at some time or other, it does not mean a doubt begotten by sympathy out of reluctance to convict; it means a real doubt, a doubt founded upon reasons. [Salmond J. in his charge to the jury in R.V. Fantle reported in 1959 Criminal Law Review 584.]" {emphasis supplied}]

**(૧૧.૨)** નામદાર સુપ્રિમ કોર્ટે દસારી શીવાપ્રસાદ રેડી વિ. ધી પબ્લીક પ્રોસીક્યુટર, હાઇકોર્ટ ઓફ એ. પી. કેસમાં આપવામાં આવેલ ચુકાદો કે જે ૨૦૦૪(૩) ક્રાઇમ્સ (એ.સી.)૩૧૩ પર પ્રસિધ્ધ થયેલ છે તે કેસ ચુકાદામાં ઠરાવેલ છે કે, such suspicion cannot be the basis of conviction, going by the standard of proof required in a criminal case. The distance between 'may be true' and 'must be true' shall be fully covered by reliable evidence adduced by the prosecution. આમ શંકા ગમે તેવી મજબુત હોય તો પણ તેના ઉપરથી સજા થઇ શકે નહીં અને " May be true" અને "Must be true " વચ્ચેનો તફાવત છે.

(૧૧.૩) નામદાર સુપ્રીમ કોર્ટ દ્વારા Upendra Pradhan Versus State Of Orissa ના કેસમાં આપવામાં આવેલ ચુકાદો કે જે 2015 (0) AIJEL-SC 56561 પર પ્રસિધ્ધ થયેલ છે તે કેસ ચુકાદામાં ઠરાવેલ છે,

10. Taking the First question for consideration, we are of the view that in case there are two views which can be culled out from the perusal of evidence and application of law, the view which favours the accused should be taken. It has been recognized as a human right by this Court. In Narendra Singh and Another V. State of M.P., (2004) 10 SCC 699, this Court has recognized presumption of innocence as a human right and has gone on to say that:

"30. It is now well settled that benefit of doubt belonged to the accused. It is further trite that suspicion, however grave may be, cannot take place of a proof. It is equally well settled that there is a long distance between 'may be' and 'must be'.

(૧૨) આમ, ઉપરોકત ચર્ચા કરી તે તમામ પુરાવા લક્ષે લેતા તથા કાયદાની જોગવાઈઓ લક્ષે લેતા તથા ઉપરોકત ચર્ચા કરી તે કેસ ચુકાદાઓમાં ઠરાવેલ સિધ્ધાતો લક્ષે લેતા કહેવાતા બનાવના મુળ સ્વરૂપ પરત્વે વ્યાજબી શંકા ઉત્પન્ન થયેલ છે તથા કહેવાતા બનાવ અંગે બે અલગ અલગ વર્ઝન (સ્વરૂપ) પ્રસ્થાપિત થતા હોવાનુ જણાય છે. મેડીકલ હિસ્ટ્રીમાં કૃત્ય કરનાર ઈસમોની સંખ્યા તથા બનાવની વિગતો પરત્વે જે પરસ્પર વિસંગતતા ઉપસ્થીત થયેલ છે તે દુર કરવા કે તેનુ નિવારણ કરવા સદર હિસ્ટ્રી લખનાર ઈસમોને ફરીયાદપક્ષે તપાસેલ નથી કે કોઈ ખુલાસો થયેલ નથી. સમગ્ર બનાવ જાહેરમાં બનેલ હોય અને સહેલાઈથી સ્વતંત્ર ઈસમોના નિવેદનો મેળવી શકાય તેમ હોવા છતા માત્ર અને માત્ર ઘરના સભ્યો તથા મિત્રોના નિવેદન નોંધેલ હોવાની

હકીકત નજર અંદાજ થઇ શકે તેમ નથી. ઈજા પામનાર સવાલો સમજી ન શકે તેવી માનસીક અવસ્થા ધરાવતા હોવાનુ દર્શાવવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ ગયેલ છે. આમ, ફરીયાદપક્ષ તટસ્થ, શંકારહિત અને સંપુર્ણ ભરોષાપાત્ર પુરાવાના અભાવે આ કામના આરોપીઓ સામે આક્ષેપવામાં આવેલ તહોમત પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોય શંકાનો લાભ આરોપીઓની તરફેણમાં આપી **મુદા નં(૧) થી (૩)** પરત્વે **નકારમાં** નિર્ણય આપી **મુદા નં.(૪)** પરત્વે નીચે મુજબનો **આખરી હુકમ** કરવામાં આવે છે.

**-: <u>આ ખ રી હુ ક મ</u> :-**

**(૧)** ફોજદારી કાર્યવાહી ધારાની કલમ-૨૪૮(૧) અન્વયે આ કામના આરોપી નં. (૧) પ્રવિણભાઇ જમનભાઇ ડાભી તથા આરોપી નં. (૨) દિનેશભાઇ રતીભાઇ ડાભી તથા આરપી નં. (૩) કૈલાશભાઇ હરજીભાઇ ખાણધર તથા આરોપી નં. (૪) જેઠાભાઇ દામાભાઇ નકુમ નાઓને ભારતીય દંડ સંહિતાની કલમ ૩૨૫, ૩૨૩, ૫૦૪, ૧૧૪ તથા ગુજરાત પોલીસ એકટની કલમ-૧૩૫(૧) મુજબના શિક્ષાને પાત્ર ગુનામાંથી શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)** ફોજદારી કાર્યવાહી ધારાની કલમ-૪૩૭(એ) અન્વયે દરેક આરોપી નં.૧ થી ૪ નાઓને આ હુકમની તારીખથી છ માસ સુધીના રૂા.૧૦,૦૦૦/- અંકે રૂપિયા દસ હજાર પુરાના જામીન તથા તેટલી જ રકમનો જાત મુચરકો રજુ કરવાનો આદેશ કરવામાં આવે છે.

(૩) મુદામાલ પાવતી મુજબ કબજે થયેલ લાકડાના ધોકાઓ નાશપાત્ર હોય અપીલ પીરયડ બાદ ધોરણસરનો નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

ઉપરોકત હુકમ આજરોજ તારીખ : ૨૮ મી, માહે : એપ્રિલ, સને : ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૨૮/૦૪/ ૨૦૨૬ **(ભદ્રેશ હસમુખલાલ ગાંધી)**

જામનગર ૩ જા અધિક ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ,

જામનગર

જજ કોડ નં. જીજે૦૦૯૫૭